# AFW

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name Of The Post** | **Principal, Government Ideal Residential Schools, (For SEBC), (Directorate of Developing Castes Welfare), Class-2** |
| **Advertisement No** | **32/2018-19** |
| **Preliminary Test Held On** | **25-11-2018** |
| **Que. No.** | **001-300(G.S. & Concerned Subject)** |
| **Publish Date** | **29-11-2018** |
| **Last Date To Send Suggestion (S)** | **06-12 -2018** |

# Note:-

**(1) All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.**

**(2) All Suggestions are to be sent in the given format only.**

**(3) Candidate must ensure the above compliance.**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારોએ પોતાને પરીક્ષામાં મળેલ સીરીઝની પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા

(૩) ઉમેદવારોએ ઉક્ત સૂચનાનું અચૂક પાલન કરવું અન્યથા વાંધા-સૂચનો અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહી.

001. નીચેના પૈકી કયો શિલાલેખ કુમારગુપ્ત પ્રથમને કેવળ મહારાજા તરીકે વર્ણવે છે?
(A) માનકુંવર બૌદ્ધમૂર્તિ શિલાલેખ
(B) બિલ્સડ સ્તંભલેખ
(C) બાયગ્રામ તામ્રપટ
(D) મથુરા જૈનમૂર્તિ શિલાલેખ

002. નીચેનામાંથી કયુ સામ્રાજ્ય બ્રાહ્મણોને મહેસૂલ આવકના તમામ સ્ત્રોતોને સ્થાનાંતરિત કરવામાં સૌપ્રથમ હતું?
(A) વાકાટક
(B) ગુપ્ત
(C) પલ્લવ
(D) ચાલુક્ય

003. મહાવીરે નીચેની ભાષાઓમાંથી કઈ ભાષામાં ઉપદેશ આપ્યો?
(A) માગધી
(B) અર્ધ માગધી
(C) શૌરસેની
(D) અપભ્રંશ

004. નીચે દર્શાવેલા આદિવાસી વિદ્રોહમાંથી ક્યા વિદ્રોહનું મુખ્ય કારણ માનવ બલિદાન પર પ્રતિબંધનું હતું?
(A) સંથાલ વિદ્રોહ
(B) રમ્પા વિદ્રોહ
(C) ખોંડ વિદ્રોહ
(D) મુંડા વિદ્રોહ

005. ક્યો પ્રદેશ ત્રણે પાષાણ યુગનો સાક્ષી છે?
(A) ચંબલ નદીની ખીણ
(B) નર્મદા નદીની ખીણ
(C) સતલજ નદીની ખીણ
(D) ગોદાવરી નદીની ખીણ

006. ઉત્તર ભારતના રાષ્ટ્રકૂટો સાથે સર્વોપરિતા માટે લડતી તાકાત .......... ની હતી.
(A) પાલ અને પ્રતિહાર
(B) પ્રતિહાર અને પરમાર
(C) વેંગી ચાલુક્ય અને પલ્લવ
(D) પાલ અને પલ્લવ

007. નીચેના પૈકી કયુ મહાજન પદ ગોદાવરી નદીના કાંઠે હતું?
(A) અસ્સક
(B) વત્સ
(C) અવન્તિ
(D) કંબોજ

008. કનિષ્ક શાસન અને રાજ્યશાસન પધ્ધતિ સંદર્ભે નીચેનામાંથી કયુ વિધાન સાચું છે?
(A) તેઓનું સામ્રાજ્ય ઉત્તરપશ્ચિમમાં ખોતાન થી પૂર્વમાં બનારસ સુધી વિસ્તર્યું હતું.
(B) તેઓનું સામ્રાજ્ય ઉત્તરમાં કશ્મીરથી દક્ષિણમાં સૌરાષ્ટ્ર અને માલવા સુધી વિસ્તર્યું હતું.
(C) કનિષ્કે કશ્મીરમાં ચોથી બૌધ્ધ પરિષદ બોલાવી હતી.
(D) ઉપરોક્ત તમામ સાચા છે.

009. નીચેના પૈકી કયા પ્રતિહાર રાજા વિષ્ણુ ભક્ત હતા અને તેઓએ ''આદિવર્ષા'' નું શીર્ષક અપનાવ્યું હતું?
(A) નાગભટ્ટ
(B) મિહિરભોજ
(C) મહિપાલ
(D) મૈત્રીપાલ

010. કયા મરાઠા રાજ્યએ અંગ્રેજ સહાયક સન્ધિ છેલ્લે સ્વીકારી હતી?
(A) સિંધિયા
(B) ભોંસલે
(C) હોલકર
(D) ગ્વાલિયર

011. નીચેના મહાન વ્યક્તિત્વ પૈકી કોણ પુના કરાર સાથે સંકળાયેલ છે?
1. ડૉ. બી. આર. આમ્બેડકર
2. જવાહરલાલ નેહરુ
3. મદનમોહન માલવીય
નીચેના સંકેતોમાંથી સાચો જવાબ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 2

012. 1922 ની શરાબબંધી (No Tax) ઝૂંબેશ ............ ના નેતૃત્વમાં શરૂ થઈ હતી.
(A) રાજગુરુ
(B) ચિતરંજન દાસ
(C) લાલા લજપતરાય
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

013. નીચેના સ્થળોમાંથી ક્યા સ્થળે ડચ્ લોકોએ પહેલુ કારખાનું શરૂ કર્યું હતું?
(A) સુરત
(B) પુલિકટ
(C) કોચીન
(D) કાસિમ બજાર

014. નીચેની કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી?
(A) ગંધાર શિલ્પકલા શાખા - કુષાણ દ્વારા સમર્થન
(B) મથુરા શિલ્પકલા શાખા - શુંગ દ્વારા સમર્થન
(C) અમરાવતી શિલ્પકલા શાખા - ચોલ દ્વારા સમર્થન
(D) મથુરા શિલ્પકલા શાખા - ગુપ્તા દ્વારા સમર્થન

015. પહાડી શાખા ............ કલા સાથે સંબંધિત છે.
(A) સ્થાપત્ય
(B) ટૈરાકોટા/મૃણ્યમૂર્તિ ઘોડા બનાવવાની કલા
(C) મંદિર સ્થાપત્ય
(D) લઘુ ચિત્રકલા

016. નીચેના પૈકી કયુ કથક નૃત્ય ઘરાનામાં સમાવિષ્ટ નથી?
(A) લખનઉ ઘરાના
(B) જયપુર ઘરાના
(C) રાયગઢ ઘરાના
(D) મુંબઈ ઘરાના

017. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?
(A) હિંદુસ્તાની સંગીતમાં પર્સિયન, આફઘાન અને તુર્કનો પ્રભાવ છે.
(B) કર્ણાટક સંગીતમાં ઈરાનનો પ્રભાવ છે.
(C) જાવાલી અને કૃતિ કર્ણાટક સંગીતની ગૌણ શાખા છે.
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

018. પ્રાચીન નોંધવહીમાં મેલુહાના વેપાર સંબંધોનો સંદર્ભ છે. મેલુહા એ .............. નું પ્રાચીન નામ છે.
(A) મેસોપોટેમીયા
(B) ગોદાવરી વિસ્તાર
(C) સિંધુ વિસ્તાર
(D) દૂરનું યુરોપ

019. પુરાપાષાણ (Paleolithic) લોકોનો મુખ્ય વ્યવસાય ........... હતો.
(A) કૃષિ
(B) બાગાયત
(C) પશુપાલન
(D) શિકાર અને ખોરાક ભેગો કરવો.

020. નીચેનામાંથી કયુ શાસ્ત્રીય નૃત્ય નથી?
(A) કથક
(B) કથકલી
(C) સત્રીયા નૃત્ય
(D) ગરબા

021. તારસાંગની ગુફા/શૈલાશ્રય .......... માં આવી છે.
(A) સાબરકાંઠા
(B) બનાસકાંઠા
(C) પંચમહાલ
(D) મહેસાણા

022. મોટા પશુની અંશાકિત માપની દગ્ધ પાંસળી નીચેના પૈકી કયા સ્થળે મળી આવેલ છે.
(A) લાંઘણજ
(B) રોજડી
(C) ધોળાવીરા
(D) મોટી પીપલી

023. જુનાગઢ ખડકમાં ............. ના શિલાલેખ છે.
(A) અશોક, રુદ્રમાન-પ્રથમ, સ્કંદગુપ્ત
(B) અશોક, રુદ્રમાન-દ્વિતિય, સમુદ્રગુપ્ત
(C) અશોક, રુદ્રમાન, પુષ્યગુપ્ત
(D) અશોક, સમુદ્રગુપ્ત, સ્કંદગુપ્ત

024. ધોળકાના માલવ તળાવનું નિર્માણ ............ દ્વારા કરવામાં આવ્યું હતું.
(A) મીનળ દેવી
(B) સુમાલા દેવી
(C) સન્તુ દેવી
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

025. મંત્રી વિરુદ્ધ અવિશ્વાસનો મત પસાર થાય તો
(A) તેમણે રાજીનામું આપવું પડે
(B) સમગ્ર મંત્રી મંડળે રાજીનામું આપવું પડે.
(C) મંત્રી તેમજ પ્રધાનમંત્રી બન્નેએ રાજીનામું આપવું પડે.
(D) કોઈ અસર થતી નથી.

026. સામાન્ય રીતે દરેક રાજ્યની ઉચ્ચ ન્યાયાલય હોય છે. પરંતુ બે થી વધુ રાજ્યો કે કેન્દ્રિય પ્રદેશની ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના .............. કરી શકે છે.
(A) સંસદ
(B) રાષ્ટ્રપતિ
(C) ભારતના મુખ્ય ન્યાયામૂર્તિ
(D) ઉપરોક્ત બધાં સંયુક્ત રીતે

027. ભારતમાં જાહેર હિતની અદાલતની પ્રથા .............. રજૂ કરવામાં આવી છે.
(A) બંધારણીય સુધારા દ્વારા
(B) ન્યાયિક પહેલ દ્વારા
(C) રાજકીય પક્ષો દ્વારા
(D) સંસદીય અધિનિયમ દ્વારા

028. ........... ને નોટીસ આપ્યા બાદ અડધા કલાકની ચર્ચા કરી શકાય છે.
(A) અધ્યક્ષ અધિકારી
(B) ગૃહના સચિવ
(C) સંસદીય બાબતોના પ્રધાન
(D) સંબંધિત મંત્રી

029. સંસદ રાજ્ય સુચિના મુદ્દા પર કાયદો ઘડી શકે છે. આ કાયદો ........ અમલમાં રહે.
(A) છ મહિનાના સમયગાળા માટે
(B) રાજ્ય સમાન વિષય ઉપર એવો બીજો કાયદો ન ઘડે ત્યાં સુધી
(C) સંસદ કાયદો રદ ન કરે ત્યાં સુધી
(D) બંધારણીય સુધારા દ્વારા બદલાય નહીં ત્યાં સુધી

030. નીચેના પૈકી કયો દેશ SAARC નો સભ્ય નથી?
(A) નેપાળ
(B) મ્યાનમાર
(C) માલદીવ્સ
(D) અફઘાનિસ્તાન

031. "જાહેર હિતમાં સત્યને સમર્પિત" એ ("Dedicated to Turth in Public Interest") ........... ની ટૈગલાઈન છે.
(A) CAG
(B) UPSC
(C) ભારત નિર્વાચન આયોગ
(D) કેન્દ્રીય સતર્કતા આયોગ

032. ભારતીય બંધારણની કલમ 21ની જોગવાઈમાં ....... નો સમાવેશ થાય છે.
(A) ટ્રાન્સજેન્ડરના અધિકાર
(B) માનસિક વિકલાંગ મહિલાઓને બાળકને જન્મ આપવાના અધિકાર
(C) A અને B બન્ને
(D) A અને B બેમાંથી કોઇ નહીં

033. PESA અધિનિયમની જોગવાઈ હેઠળ નીચેના પૈકી ગુજરાતનો કયો જિલ્લો સમાવિષ્ટ નથી?

(A) સુરત
(B) પંચમહાલ
(C) નવસારી
(D) ખેડા

034. ભારતીય બંધારણની કલમ ............. હેઠળ અન્ય પછાત વર્ગોના પેટા વર્ગીકરણની તપાસ માટે ભારતીય રાષ્ટ્રપતિએ કમિશનની નિમણૂક કરી હતી.

(A) 363
(B) 340
(C) 218
(D) 123

035. મૂળભૂત અધિકારોમાં સુધારા અંગે નીચેના પૈકી કયું વિધાન સાચુ છે?

(A) સંસદ કોઈપણ મૂળભૂત અધિકાર સુધારી શકે છે.
(B) સંસદ કોઈપણ મૂળભૂત અધિકાર સુધારી શકે નહીં
(C) મૂળભૂત અધિકારોમાં સુધારો કરવા માટે સંસદને રાજ્યની મંજૂરી જરૂરી છે.
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

036. જમ્મુ અને કાશ્મીરની વિશેષ સ્થિતિ સૂચવે છે કે ................

(A) તેના અલગ સંરક્ષણ દળો છે.
(B) તેનું અલગ ન્યાયતંત્ર છે.
(C) તેનું અલગ બંધારણ છે.
(D) ઉપરોક્ત તમામ

037. નીચેના પૈકી કયું મહેસૂલ ખર્ચમાં શામેલ નથી?

(A) સરકારી કર્મચારીઓના વેતન
(B) વ્યાજ ચૂકવણી
(C) શેરમાં રોકાણ
(D) રાજ્ય સરકારને અપાતું અનુદાન

038. કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP) એ કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) થી અલગ છે, પૂર્વોક્તમાં નીચેના પૈકી કયુ સમાવિષ્ટ છે.

(A) નિકાસ આવક
(B) અપ્રત્યક્ષ કર
(C) ઘસારો
(D) વિદેશમાંથી ચોખ્ખી આવક

039. FAME ઈન્ડિયાની શરૂઆતનો મુખ્ય હેતુ

(A) આવસ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટેનો છે.
(B) પર્યાવરણ મૈત્રીપૂર્ણ (eco-friendly) વાહનોને પ્રોત્સાહન આપવા માટેનો છે.
(C) 2022 સુધીમાં ગ્રામીણ વિસ્તારમાં વીજ પુરવઠો પૂરો પાડવાની ખાતરી માટેનો છે.
(D) ઘરેલું હિંસા અસરગ્રસ્ત બહેનોને ટેકો આપવો અને મફત કાનૂની સહાય પૂરી પાડવા માટેનો છે.

040. ખુલ્લા બજારનું સંચાલન (Open Market Operations) એટલેઃ
(A) SEBI માં નોંધાયેલા બ્રોકરોની પ્રવૃત્તિઓ
(B) સેન્ટ્રલ બેન્ક દ્વારા બોન્ડોનું વેચાણ અને ખરીદી
(C) સરકાર દ્વારા ગીલ્ટ આધારિત સુરક્ષાની ફાળવણી
(D) FIIS દ્વારા શેરોનું વેચાણ

041. પ્રાદેશિક ગ્રામીણ બેંકોને .................
(A) કામગીરીનો મર્યાદિત વિસ્તાર છે.
(B) NABARD માંથી ઉદાર પુનઃનિર્ધારિણ સગવડો માટે મુક્ત પ્રદેશ
(C) માત્ર નબળા ક્ષેત્રોને ધિરાણ આપે છે.
(D) ઉપરોક્ત તમામ

042. ભારત સરકારે યુરિયા સબસિડી ચાલુ રાખવા વર્ષ .......... સુધી મંજૂરી આપી છે.
(A) 2020 (B) 2022
(C) 2025 (D) 2024

043. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી?
(A) ગાંધી યોજના - એસ. એન. અગ્રવાલ
(B) લોકોની યોજના - એમ. એન. રૉય
(C) મુંબઈ યોજના - પી. સી. મહાલનોબિસ
(D) ઉપરોક્ત તમામ

044. નીચેનામાંથી ક્યો અહેવાલ NITI આયોગ દ્વારા પ્રકાશિત થયો નથી?
(A) ભારત નવપ્રવર્તન સૂચકાંક
(India Innovation Index)
(B) સ્વાસ્થ્ય પરિણામ નિષ્પાદન સૂચકાંક
(Performance of Health outcome Index)
(C) શાળા શિક્ષણ ગુણવત્તા સૂચકાંક
(School Education Quality Index)
(D) ઊપરોક્તમાંથી કોઈ નહિ

045. ગ્રામીણ સંરચના વિકાસ નિધિની (RIDF) રચના ......... હેઠળ કરવામાં આવી છે.
(A) ભારતીય રિઝર્વ બેંક (B) NABARD
(C) કૃષિ મંત્રાલય (D) ગ્રામીણ વિકાસ મંત્રાલય

046. ‘‘હવાલા વ્યવહારો’’ એટલે શું?
(A) સરકાર દ્વારા પ્રતિબંધિત માલમાં વિદેશી વેપાર
(B) વાસ્તવમાં તેને ખસેડ્યા વિના નાણાંનું સ્થાનાંતરણ
(C) આંતરરાષ્ટ્રીય સ્તરે ગેરકાયદેસર ડ્રગનો વેપાર
(D) કાળા નાણાંનું સફેદ નાણાંમાં રૂપાંતર

047. ક્રેન્દ્રિય સહકારી બેંકો ................. ના સીધા સંપર્કમાં હોય છે.
(A) ખેડૂતો
(B) રાજ્ય સહકારી બેંકો
(C) ભૂમિ વિકાસ બેંકો
(D) ઉપરોક્ત તમામ

048. 'બંધ અર્થવ્યવસ્થા' (Closed Economy) એટલે ..................
(A) નાણાં પુરવઠાનું સંપૂર્ણપણે નિયંત્રણ
(B) ઘટ ધિરાણ થાય છે.
(C) ફક્ત નિકાસ થાય છે.
(D) નિકાસ કે આયાત કંઈ નહિ થાય.

049. હાલમાં નીચેના પૈકી કઈ બે બેંકોનું દેના બેંક સાથે વિલીનીકરણ થયુ.
(A) બેંક ઑફ બરોડા અને વિજયા બેંક
(B) આંધ્રા બેંક અને વિજયા બેંક
(C) તેલંગાણા બેંક અને બેંક ઑફ બરોડા
(D) બેંક ઑફ ઈન્ડિયા અને ઈન્ડિયન બેંક

050. ભારતે પંચવર્ષીય અક્ષય વિકાસ સંરચના નાં (Sustainable development Framework) ............... સાથે કરાર કર્યા.
(A) યુરોપિયન યુનિયન
(B) વિશ્વ બેંક
(C) સંયુક્ત રાષ્ટ્ર (United Nations)
(D) આંતરરાષ્ટ્રીય નાણાંકીય ભંડોળ (International Monetary Funds)

051. ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ભારત સરકારે હાલમાં લગભગ 6,30,000 આવાસ નિર્માણને મંજૂરી આપી છે. નીચેના પૈકી ક્યા રાજ્યને સૌથી વધુ મંજૂરી મળી છે?
(A) આંધ્ર પ્રદેશ
(B) ગુજરાત
(C) મધ્ય પ્રદેશ
(D) ઉત્તર પ્રદેશ

052. નીચેના પૈકી ક્યા સર્વોચ્ચ ન્યાયાલયના ભૂતપૂર્વ ન્યાયાધીશ આઠ સભ્યોની લોકપાલ શોધ સમિતીના અધ્યક્ષ હતા?
(A) ન્યાયમૂર્તિ ચલમેશ્વર
(B) ન્યાયમૂર્તિ રંજના પ્રકાશ દેસાઈ
(C) ન્યાયમૂર્તિ રોહિણી
(D) ઉપરોક્ત માંથી કોઈ નહિ

053. પ્રથમ સ્માર્ટ સિટી એક્સ્પો - 2018 ................ માં યોજાયો હતો.
(A) મુંબઈ
(B) અમરાવતી
(C) જયપુર
(D) વડોદરા

**054.** નીચેના પૈકી ક્યું વિધાન ભારતના 'અસ્ત્ર' પક્ષેપાસ્ત્ર સંદર્ભે સાચુ નથી?
(A) તે હવાથી હવામાં માર કરવા વાળુ પ્રક્ષેપાસ્ત્ર છે.
(B) તે સ્વદેશી રીતે વિકસિત દશ્ય સીમાથી પર પ્રક્ષેપાસ્ત્ર છે.
(C) તે સપાટી પરથી પાણીમાં વાપરી શકાય છે.
(D) ઉપરોક્ત તમામ

**055.** આયુષ્યમાન ભારત યોજના પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્ર મોદી દ્વારા ................ માં શરૂ કરવામાં આવી હતી.
(A) કોર્ણાક, ઓડિશા
(B) રાંચી, ઝારખંડ
(C) મેદક, તેલંગાણા
(D) રાજકોટ, ગુજરાત

**056.** નીચેના પૈકી ક્યા ચલચિત્રને ભારત તરફથી 2019 ઓસ્કર (Oscars) માટે સત્તાવાર પ્રવેશ અપાયો છે?
(A) વિલેજ રોકસ્ટર્સ (Village Rockstars)
(B) વિલેજ વિક્ટરિ (Village Victory)
(C) અર્બન અનરેસ્ટ (Urban Unrest)
(D) ફોરેસ્ટ ફાઈટર્સ (Forest Fighters)

**057.** સર્જિકલ સ્ટ્રાઈકની દ્વિતીય જયંતીની ............. તરીકે ઉજવણી કરવામાં આવી.
(A) વિજય દિવસ
(B) વિજય પર્વ
(C) પરાક્રમ પર્વ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહિ

**058.** ભારતના માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે નીચેના પૈકી કોને UN's ચેમ્પયન ઑફ ધી અર્થ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો?
(A) એંજેલા મર્કલ, જર્મની
(B) એન્ટોનિયો ગુટર્સ, યુ. એન
(C) જિગ્મે કેશરવાંગચૂક, ભૂતાન
(D) ઈમેન્યુયલ મેક્રોન, ફ્રાંસ

**059.** નીચેના પૈકી ક્યા G-4 દેશોના મંત્રીઓએ હાલમાં UN સુરક્ષા પરિષદ સુધારણાની સમીક્ષા કરી?
(A) ભારત, બ્રાઝિલ, જર્મની અને જાપાન
(B) ભારત, જર્મની, દક્ષિણ આફ્રિકા અને નેધરલેન્ડ્સ
(C) ભારત, જાપાન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા
(D) ભારત, જર્મની, જાપાન અને દક્ષિણ આફ્રિકા

**060.** ભારતની સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં ............... ની કલમ 497 રદ્દ કરી છે, જેમાં પુરૂષો વ્યભિચાર માટે સજા પાત્ર હતા.
(A) ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતા
(B) ભારતીય દંડ સંહિતા
(C) સિવિલ પ્રક્રિયા સંહિતા
(D) હિંદુ વિવાહ કાયદા

061. .................... ની જન્મ જયંતી નિમીત્તે 25th સપ્ટેમ્બર 2018 'અંત્યોદય દિવસ' તરીકે ઊજવાયો.
(A) પંડિત દીનદયાલ ઉપાધ્યાય
(B) લોકનાયક જયપ્રકાશ નારાયણ
(C) મોરારજી દેસાઈ
(D) વી. પી. સિંહ

062. શોલા ઘાસના મેદાનો ક્યાં જોવા મળે છે.
(A) હિમાલય
(B) વિંધ્યાચલ
(C) પશ્ચિમી ઘાટ
(D) પૂર્વી ઘાટ

063. નીચેના પૈકી ક્યો આદિજાતિ સમૂહ મુખ્યત્વે બ્લૂ માઉન્ટનમાં જોવા મળે છે?
(A) લમ્બાડા
(B) ગોંડ
(C) જારવા
(D) ટોડા

064. નીચેના પૈકી કઈ માટી કુદરતી રીતે નવીનીકરણ પામે છે અને તેને ઓછામાં ઓછા ખાતરની આવશ્યકતા પડે છે?
(A) કાંપવાળી માટી
(B) લાલ માટી
(C) રણની માટી
(D) લેટેરાઈટ માટી

065. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?
(A) પશ્ચિમ ઘાટ તેનાં ઉત્તર ના ભાગે વધુ ઊંચા છે.
(B) અનાઈમુડી પશ્ચિમ ઘાટમાં સૌથી ઊંચુ શિખર છે.
(C) તાપી નદી સાપુતારાના દક્ષિણમાં આવેલી છે.
(D) નર્મદા અને તાપી નદી સ્ફિટ ઘાટીમાં વહે છે.

066. નીચેના પૈકી ક્યો પંચ પ્રયાગનો ભાગ નથી?
(A) નંદ પ્રયાગ
(B) કર્ણ પ્રયાગ
(C) દેવ પ્રયાગ
(D) ભાનુ પ્રયાગ

067. કરેવા એટલે ....................
(A) પૂર્વ હિમાલયના હિમવર્તી નિક્ષેપ
(B) કશ્મીર હિમાલયના હિમવર્તી નિક્ષેપ
(C) પશ્ચિમ હિમાલયના કાંપવાળા નિક્ષેપ
(D) વ્યાપક કાંપવાળા નિક્ષેપ દર્શાવે છે.

068. નીચેના ક્યા રાજ્યમાં ગંગા નદી વહે છે?
(A) હિમાચલ પ્રદેશ
(B) બિહાર
(C) ઓડિશા
(D) છત્તીસગઢ

**069.** નીચેની જોડીઓમાંથી કઈ જોડી / જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે?
(A) મધ્યમ વરસાદ - દક્ષિણ ગુજરાતના વિસ્તાર
(B) ઓછો વરસાદ - ઉત્તર ગુજરાત
(C) અપૂરતો વરસાદ - ગુજરાતનો સૌરાષ્ટ્ર વિસ્તાર
(D) ઉપરોક્ત તમામ

**070.** નીચેના પૈકી કઈ ''મિશ્રિત ખેતીની'' મુખ્ય લાક્ષણિકતા છે?
(A) રોકડીયો પાક અને ખાદ્ય પાક બન્નેની ખેતી
(B) એક જ ખેતરમાં બેથી વધુ પાકની ખેતી
(C) પશુપાલન સંભાળ અને ખેતી બન્ને એક સાથે
(D) ઉપરોક્તમાંથી કોઈ નહિ

**071.** નીચેની કઈ જોડી / જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી નથી?
(A) ખરીફ - ચોખા, બાજરી, કપાસ
(B) રવિ - ઘંઉ, જવ
(C) બન્ને ખરીફ અને રવિ - શેરડી, તંબાકુ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહિ

**072.** નીચેના પૈકી કઈ નદીનો તટ પ્રદેશ પ્રાકૃતિક ગેસનો સૌથી મોટો ઉત્પાદક છે?
(A) કૃષ્ણા - ગોદાવરી
(B) કૃષ્ણા - ગંડક
(C) કૃષ્ણા - મહાનદી
(D) ગોદાવરી - મહાનદી

**073.** ભારતમાં બાળ લિંગ ગુણોત્તર સંદર્ભે નીચેના પૈકી ક્યુ વિધાન સાચું છે?
(A) બાળ લિંગ ગુણોત્તર એ 0-6 વર્ષની ઉંમરની વયના દરેક 1000 પુરુષોએ માદાઓની સંખ્યા છે.
(B) 2001 ની વસતી ગણતરીમાં 927 થી 2011 ની વસતી ગણતરીમાં રાષ્ટ્રીય બાળ જાતિ ગુણોત્તર 914 થયો હતો.
(C) બન્ને (A) અને (B)
(D) (A) અને (B) બેમાંથી કોઈ નહિ

**074.** બીટી રીંગણનો ઉદ્દેશ્ય ......................
(A) તેને જંતુ પ્રતિકારક બનાવવા માટેનો છે.
(B) તેનો સ્વાદ અને પોષણ સુધારવા માટેનો છે.
(C) તેનું સ્વજીવન વધુ લાંબું બનાવવા માટે
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

**075.** નીચેનાંમાંથી કઈ મોબાઈલ ઑપરેટિંગ સિસ્ટમ છે?
(A) એન્ડ્રોઈડ
(B) બડા (Bada)
(C) સિમ્બિયન
(D) ઉપરોક્ત તમામ

**076.** બાયોગેસમાં મુખ્યત્વે ........... સમાવિષ્ટ હોય છે.
(A) કાર્બન ડાયોક્સાઈડ અને હાઈડ્રોજન (B) હાઈડ્રોજન અને મીથેન
(C) કાર્બન ડાયોક્સાઈડ અને મીથેન (D) હાઈડ્રોજન અને ઓક્સિજન

**077.** કેટલીક વાર સમાચારોમાં H5N1 વાઈરસનો ઉલ્લેખ નીચેના પૈકી કઈ બીમારી સંદર્ભે કરવામાં આવે છે?
(A) AIDS (B) બર્ડ ફ્લૂ
(C) ડેન્ગ્યુ (D) સ્વાઈન ફ્લૂ

**078.** તાજેતરમાં ભારત સરકારે રોટાવાયરસ રસી ................ ને અટકાવવા માટે શરૂ કરી છે.
(A) ક્ષય રોગ (B) બાળકોમાં ઝાડા
(C) ગર્ભવતી માતાઓમાં ટાઈફોઈડ (D) તરુણવયી વ્યક્તિઓમાં કોલેરા

**079.** અલ્ટ્રાસોનિકનો ઉપયોગ શું પ્રયોજનથી નીચેના પૈકી કયા ક્ષેત્રમાં થાય છે?
(A) પાણીની અંદરની વસ્તુઓને શોધી કાઢવા અને તેની ઊંડાઈ શોધવામાં ઉપયોગ થાય છે.
(B) યકૃત, સ્વાદુપિંડ, કિડની, હૃદય જેવા માનવીય અવયવોમાં અસાધારણતા અથવા રોગના નિદાનમાં ઉપયોગ થાય છે.
(C) બન્ને A અને B
(D) A અને B બે માંથી કોઈ નહિ

**080.** ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફી ................ માટે વપરાય છે.
(A) ઊંડા સમુદ્રના નકશા-આલેખન (B) સંદેશા-વ્યવહાર
(C) ખનિજોના સંશોધન (D) સિક્કાના મુદ્રાંકન

**081.** ભૂમંડલીય ઉષ્મીકરણની (ગ્લોબલ વોર્મિંગ) અસર મેન્ગ્રોવ વન ઉપર શું થાય છે.
(A) મેનગ્રોવ વધુ ફૂલશે ફાલશે
(B) મેનગ્રોવના મોટા વિસ્તાર ડૂબી જશે.
(C) કાર્બન સિંક તરીકેની મેનગ્રોવની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બનશે
(D) બન્ને A અને B

**082.** પ્રવાલ શૈલ-શ્રેણીને (કોરલ રીફ્સ) નાજુક નિવસન તંત્ર કહેવામાં આવે છે. કારણ કે .............
(A) કૃષિ અને શહેરી પ્રદૂષણ દરિયાઈ પાણીના શેવાળના પ્રસ્ફુટનમાં પરિણમે છે.
(B) તે પાણીના તાપમાન પ્રત્યે સંવેદનશીલ છે.
(C) બન્ને A અને B
(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

083. વન પર્યાવરણ નિવસન તંત્ર જેણે વસવાટનો ભારે વિનાશ સહ્યો છે તેમાં .......... નો સમાવેશ થાય છે.

(A) ઉષ્ણકટિબંધીય વરસાદી વન
(B) ઉષ્ણકટિબંધીય પાનખર વન
(C) સમશીતોષ્ણ વન
(D) ઉપરોક્તમાંથી કોઈ નહિ

084. ઔદ્યોગિક પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવતી બાયોટેકનોલોજી એપ્લીકેશનને ......... કહેવાય છે.

(A) ગ્રીન બાયોટેક્નોલોજી
(B) બ્લૂ બાયોટેક્નોલોજી
(C) વાઈટ બાયોટેક્નોલોજી
(D) રેડ બાયોટેક્નોલોજી

085. નીચેના પૈકી કયુ ઝડપી ન્યુક્લિયર રિએક્ટરમાં શીતક (કુલન્ટ) તરીકે વપરાય છે?

(A) પ્રવાહી સોડિયમ
(B) ભારે પાણી
(C) મેલ્ટીંગ આઈસ
(D) ઉપરોક્તમાંથી કોઈ નહી.

086. એક વ્યક્તિ 4:5 ના ગુણોતરમાં બે અલગ જગ્યાએ રોકાણ કરે છે. જો તેને પ્રથમ રોકાણમાં 15% નફો અને બીજા રોકાણમાં 10% ખોટ થાય તો તેના કુલ રોકાણ ના સાપેક્ષ તેને કેટલા ટકા નફો અથવા ખોટ થશે?

(A) 0.11 %
(B) 1.11%
(C) 11.1%
(D) 12.5%

087. 14591 માં નાનામાં નાની કઈ સંખ્યા ઉમેરવાથી 12 વડે નિઃશેષ વિભાજ્ય સંખ્યા મળશે?

(A) 6
(B) 8
(C) 10
(D) ઉપરના પૈકી કોઈ નહી

088. એક 200 મીટર લાંબી ટ્રેનને એક 350 મીટર લાંબો પુલ પસાર કરતાં 10 સેકંડ લાગે છે તો તેની ઝડપ કેટલી હશે?

(A) 118 કિમી/કલાક
(B) 158 કિમી/કલાક
(C) 198 કિમી/કલાક
(D) આમાંનુ એક પણ નહી.

089. જો એક કાટકોણ ત્રિકોણની બે બાજુઓના માપ 7 અને 12 હોય તો તેના પરિવૃત્તની ત્રિજ્યા કેટલી હશે?

(A) 3.5
(B) 6
(C) 6.5
(D) 13

090. નીચે આપેલ માહિતીનો મધ્યસ્થ કેટલો થશે?

3, 4, 12, 67, 32, 43, 18, 8

(A) 12
(B) 15
(C) 18
(D) 32

091. 6 પુરુષો અને 5 સ્ત્રીઓ એક કામ 10 દિવસમાં પૂર્ણ કરે છે, જ્યારે 4 પુરુષો અને 7 સ્ત્રીઓ એ જ કામ 12 દિવસમાં પૂર્ણ કરે છે. તો 6 સ્ત્રીઓ અને 12 પુરુષોને એ કામ કરતાં કેટલા દિવસ લાગશે?

(A) 5½ દિવસ
(B) 8 દિવસ
(C) 14 દિવસ
(D) આમાંનુ એક પણ નહી.

092. મીના અને તેની પુત્રીની હાલની ઉંમરનો સરવાળો 40 વર્ષ છે. જો 8 વર્ષ પછી મીના અને તેની પુત્રીની ઉંમરનો ગુણોત્તર 3:1 હોય તો મીનાની હાલની ઉંમર કેટલા વર્ષ હશે?

(A) 28
(B) 31
(C) 34
(D) 36

093. વીરેશ એક રકમ સાદા વ્યાજે 1 વર્ષ માટે મૂકે છે. જો વ્યાજનો દર 9% થી ઘટીને 6% થાય તો તેને રુ 534 જેટલું નુકસાન થાય તો તેણે કેટલી રકમનું રોકાણ કર્યું હશે?

(A) રુ 8900
(B) રુ 11200
(C) રુ 18400
(D) આમાંનુ એક પણ નહી.

094. પ્રથમ 10 પ્રાકૃતિક સંખ્યાઓના વર્ગોનો સરવાળો કેટલો થશે?

(A) 375
(B) 385
(C) 395
(D) 405

095. $(\sqrt{8})^{1/3}$ ની કિંમત કેટલી થશે?

(A) 2
(B) 4
(C) ½
(D) આમાંનુ એક પણ નહી.

096. કિશન એક કામ 25 દિવસમાં પુરુ કરી શકે છે. જ્યારે કિશન અને સુનિલ સાથે એ જ કામ 15 દિવસમાં પુરુ કરે છે. તો સુનિલને એકલાને એ કામ પુરુ કરતાં કેટલા દિવસ લાગે?

(A) 75/2 દિવસ
(B) 32 દિવસ
(C) 20 દિવસ
(D) 40 દિવસ

097. જો $[17(2 - y) - 5(y + 12)] /(1 - 7y) = 8$ હોય તો y ની કિંમત કેટલી થશે?

(A) 1
(B) –1
(C) 2
(D) આમાંનુ એક પણ નહીં

098. નીચેની શ્રેણીનું આગામી પદ ક્યું હશે?

5, 14, 22, 29, 35, ..

(A) 42
(B) 41
(C) 40
(D) આમાંનુ એક પણ નહીં

099. એક સમબાજુ ત્રિકોણનું ક્ષેત્રફળ 4√3 ચો.સેમી હોય તો તેની બાજુની લંબાઈ કેટલી હશે?

(A) 4 સેમી
(B) 2√3 સેમી
(C) √3/2 સેમી
(D) આમાંનુ એક પણ નહીં

100. એક સાંકેતિક ભાષામાં CRICKET નો કોડ ESKDMFV હોય તો HOCKEY નો કોડ ક્યો થશે?

(A) JQDLGZ
(B) JPEMGA
(C) JPELGZ
(D) આમાંનુ એક પણ નહીં

101. "પ્રગતિશીલ યુગ સાથે શિક્ષણે દર્પણ બનવું જોઈએ" આ માટે અસરકારક ટેકનોલોજીનો ઉપયોગ અનિવાર્ય બને છે. આ મત કયા શિક્ષણવિદે આપેલો છે?

(A) ફિન
(B) આર્જનેલર
(C) કિલઅરી
(D) જાંબુ લિંગમ

102. 1) વિશ્વમાં વસ્તીનો વધારો
2) આધુનિક જ્ઞાન પ્રાપ્ત કરવાની ગતિ
3) વર્તમાન જગતમાં વિજ્ઞાન અને પ્રોદ્યોગિકીનો પ્રભાવ

"શૈક્ષણિક ટેકનોલોજી અને ઉપયોગિતા માટે" આ ત્રણ બાબતો કયા શિક્ષણવિદ્ દ્વારા જવાબદાર ગણવામાં આવી છે?

(A) સ્ટુલર
(B) રોબર્ટ ગેને
(C) તકાસી સાકા મોટો
(D) આઈ. કે. ડેવિસ

103. ભાષા શુધ્ધિ, વિરામચિન્હો અને જોડણીના પરિપ્રેક્ષ્યમાં નીચે પૈકીનું કયું વિધાન દોષરહિત છે?

(A) ગાંધીજીએ પણ 'ક્રિયા દ્વારા શિક્ષણ" ની એક કિંમતી પધ્ધતિ, બુનિયાદી શિક્ષણ પધ્ધતિની ભેટ આપી છે.
(B) ઓછામાં ઓછા શબ્દોમાં વધારેમાં વધારે વિચાર સમૃધ્ધિ પ્રગટ કરવાની ભાષાકીય રીતી એટલે સુત્ર!
(C) ફુલાવેલા બલૂનની મુક્ત ગતી પરથી રોકેટના ઉડ્યનમાં રહેલો સીધ્ધાંત સમજાવી શકાય છે.
(D) રાષ્ટ્રધ્વજનો કેસરી રંગ ત્યાગ અને બલિદાનનો પ્રતિક છે.

104. શિક્ષણ પ્રતિમાનના આધારભૂત તત્વો કયા કયા છે?

(A) સંરચના, સામાજિક પ્રણાલી, સહાયક તંત્ર, મૂલ્યાંકન
(B) સ્લાઈડ પ્રોગ્રામ, ચાર્ટસ, નકશાઓ, સ્ક્રિપ્ટ
(C) સિસ્ટમ અભિગમ, ભાષા પ્રયોગશાળા, દૂર અધ્યયન તંત્ર, સમૂહ સંદેશાવ્યવહાર
(D) લાઈબ્રેરી પધ્ધતિ, મિશ્ર પ્રકારની પધ્ધતિ, પ્રસારણ પ્રવૃત્તિ, ભાષા પ્રયોગશાળા પધ્ધતિ

**105.** ડોક્ટર પાસીના સંશોધન મુજબ વર્ગખંડમાં શિક્ષક શિક્ષણ દરમ્યાન કેટલા વર્તનો કરે છે?
(A) 18,000
(B) 20,000
(C) 10,000
(D) 8000

**106.** ''નિર્ધારિત સમયમર્યાદામાં મહત્તમ સંખ્યામાં અર્થપૂર્ણ પ્રશ્નો પૂછવાના પ્રાવિણ્ય'' ને શું કહેવામાં આવે છે?
(A) પ્રશ્ન નિષ્પતિ
(B) પ્રશ્ન સંવાદિતા
(C) પ્રશ્ન પ્રવાહિતા
(D) દિશા સૂચક

**107.** પડઘા પ્રશ્નો એટલે કયા પ્રકારના પ્રશ્નો?
(A) જે પ્રશ્નોમાં શિક્ષક કંઈક માહિતી આપે અને તરત જ તેના આધારે પ્રશ્ન પૂછે.
(B) જે પ્રશ્નમાં જ ઉત્તરનું સૂચન થતું હોય.
(C) જે પ્રશ્નોના ઉત્તર માત્ર અટલ અંદાજથી જ આપે.
(D) શિક્ષક કોઈ વિધાનની રજૂઆત કરી તેના સમર્થન માટે પૂછે

**108.** વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવાનું કૌશલ્ય એટલે શું?
(A) સુદ્દઢીકરણ કૌશલ્ય
(B) હકારાત્મક સુદ્દઢકો
(C) નકારાત્મક સુદ્દઢકો
(D) પ્રશ્ન ઊંડાણ કૌશલ્ય

**109.** દિશા સૂચન પ્રશ્નો પૂછતા જો વિદ્યાર્થી પ્રશ્નનો ઉત્તર ન આપે અથવા ''મને નથી આવડતું'' એમ જણાવે ત્યારે તે સ્થિતીમાં કઈ રીતે જવાબ મેળવવો જોઈએ?
(A) પ્રશ્નનો જવાબ મેળવવા પ્રોત્સાહન આપવું જોઈએ.
(B) જે વિદ્યાર્થી જવાબ ન આપે તેના પાસેથી જ જવાબ મેળવવો જોઈએ.
(C) બીજા વિદ્યાર્થી પાસેથી જવાબ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.
(D) વિદ્યાર્થી જવાબ ન આપે તેને બીજો પ્રશ્ન પૂછવો જોઈએ.

**110.** ''હસ્તાક્ષરોની સુવાચ્યતા'' પરિબળ કયા કૌશલ્યનું ઘટક છે?
(A) પ્રશ્ન પ્રવાહિતા કાર્ય કૌશલ્ય
(B) કાળા પાટીયા કાર્ય કૌશલ્ય
(C) સુદ્દઢીકરણ કૌશલ્ય
(D) પ્રશ્ન ઊંડાણ કૌશલ્ય

**111.** અત્રે ઈ-ગ્રંથાલયની મર્યાદા દર્શાવતા કેટલાક વિધાનો આપેલા છે. તે પૈકી સૌથી ચિંતાજનક મર્યાદા કઈ ગણી શકાય?
(A) શરૂઆતમાં મોટો ખર્ચ કરવો પડે છે.
(B) વાસ્તવિક ગ્રંથાલય જેવું પ્રેરક વાતાવરણ મળતું નથી.
(C) ઈન્ટરનેટ સુવિધા, નિભાવણીનો ખર્ચ કરવો પડે છે.
(D) તેમાં ઉપલબ્ધ સાહિત્યની સરળતાથી નકલ કરી શકાતી હોવાથી સાહિત્ય ચોરીના બનાવો વધતા જાય છે.

**112.** ''વાસ્તવિક અધ્યાપન કાર્ય કર્યા સિવાય અધ્યાપન વ્યવસ્થા માટે કોમ્પ્યુટરની દરેક સગવડનો (હાર્ડવેર-સોફ્ટવેર) અધ્યાપક દ્વારા વિનિયોગ''. એટલે શું?

(A) CAI
(B) NBVC
(C) CMI
(D) LAN

**113.** ''વર્ગખંડમાં થતી આંતરક્રિયા કરવા માટેની એવી તકનીક છે જે વિજાણુ તથા વિદ્યુત સાધનો અને કમ્પ્યુટર નેટવર્ક તકનીકીનો સંકલિત ઉપયોગ કરીને Multimedia દ્વારા વિષયવસ્તુની રજૂઆત કરે છે અને બહુમાર્ગીય અધ્યાપન અધ્યયન પ્રક્રિયાને સમૃધ્ધ બનાવે છે'' આ કયા પ્રકારનું શિક્ષણ છે?

(A) CAL
(B) પરંપરાગત શિક્ષણ કોમ્પ્યુટર સાથે
(C) પ્રજ્ઞા વર્ગ
(D) સ્માર્ટ ક્લાસ

**114.** ''પારસ્પરિક લાગણીથી વિચારો અને સંવેદનાઓની આપ-લે કરવી એટલે સંપ્રેષણ'' સંપ્રેષણની આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવેલ છે?

(A) એડગર ડેલ
(B) જે. પોલ લેગન
(C) લુઇસ એ. એલન
(D) લુમીસ અને બીગલ

**115.** જ્ઞાનકુંજ પ્રોજેક્ટની અસરોના મૂલ્યાંકનનું (Third Party evaluation) કાર્ય કઈ સંસ્થાને સોંપાયેલ છે?

(A) રાજ્ય આંકડા બ્યૂરો
(B) GCERT
(C) SPIPA
(D) GIET

**116.** આપેલ વિકલ્પ પૈકી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના હેતુઓના સંદર્ભમાં શું સાચું નથી?

(A) શિક્ષક, વિદ્યાર્થીનો ગુણોત્તર 1:40 સુધી રહે તે મુજબ શિક્ષકોની નિમણૂંક કરવી.
(B) જાતિ, સમાજ, આર્થિક સ્થિતી અને વિકલાંગતા તથા અન્ય ભેદભાવોને કારણે કોઈ પણ બાળક માધ્યમિક શિક્ષણથી વંચિત ન રહેવું જોઈએ.
(C) 2020 સુધીમાં દરેક બાળકને ઉચ્ચ ગુણવત્તા યુક્ત માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત થવું જોઈએ.
(D) દરેક બાળકને પોતાના રહેણાંકના 5 કીમી ની અંદર માધ્યમિક તથા 7 કીમીની અંદર ઉચ્ચતર માધ્યમિક શાળા ઉપલબ્ધ થવી જોઈએ.

**117.** શિક્ષણને લગતા કયા કાર્યક્રમનું સંક્ષિપ્તરૂપ BaLA છે?

(A) Books and Library Aid
(B) Border area Learning Assistance
(C) Building as Learning Aid
(D) Babasaheb Ambedakar Library Assistance

**118.** "કોઈપણ માહિતી ક્રમિક અને મુદ્દાસર રીતે, સંક્ષિપ્તમાં અને લેખિત ચિત્રાત્મક કે આલેખિત સ્વરૂપે રજૂ કરવામાં આવે, જે હસ્તનિર્મિત મુદ્રિત અથવા કમ્પ્યુટરીકૃત હોઈ શકે". આ કયા પ્રકારનું દ્રશ્ય માધ્યમ છે?

(A) પ્રતિકૃતિ
(B) અભિનય
(C) ચોકફલક
(D) ચાર્ટ

**119.** "લેખન શિખવતા પહેલા વાંચન શીખવવું પડે અને વર્ણમાલા શીખવતા પહેલા ચિત્રકલા શીખવવી" એવું મંતવ્ય કયા વિચારક દ્વારા રજૂ થયેલ?

(A) ગાંધીજી
(B) મહર્ષિ અરવિંદ
(C) રવીન્દ્રનાથ ટાગોર
(D) ડૉ. રાધક્રિષ્નન

**120.** વર્ષ 2004 માં હાર્વર્ડ યુનિવર્સિટીના વર્તમાન અને પૂર્વ વિદ્યાર્થીઓને એકબીજા સાથે જોડવાના ઉદ્દેશથી એક સામાજિક નેટવર્ક પ્રણાલી અસ્તિત્વમાં આવી અને પ્રસિધ્ધ પણ થઈ, આ કઈ પ્રણાલી છે?

(A) ફેસમેશ
(B) ફેસબુક
(C) વોટસએપ
(D) ઓરકૂટ

**121.** "કોઈ રૂપરેખા અથવા ઉદ્દેશ્ય અનુસાર વ્યવહારને ઢાળવાની પ્રક્રિયા પ્રતિમાન કહેવાય છે" આ વ્યાખ્યા કયા શિક્ષણવિદ્ દ્વારા આપવામાં આવેલ છે?

(A) બીગલ
(B) ઈ.જી.મેયર
(C) બ્રુસ જોયસ
(D) એચ.સી.વીલ્ડ

**122.** શિક્ષણ પ્રતિમાનની ઉપયોગિતાના સંદર્ભમાં કઈ બાબતને વધારે મહત્વ આપવામાં આવે છે. જેનાથી શિક્ષણ વધારે સાર્થક અને ઉપયોગી બને.

(A) ઉદ્દેશ્ય
(B) પાઠ્યવસ્તુ
(C) વિષયવસ્તુ
(D) સંશોધન

**123.** ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 અનુસાર બિનસરકારી માધ્યમિક શાળામાં કામ કરતા પટાવાળાઓને બઢતીની તક મળી રહે તે માટે કઈ જોગવાઈ થયેલ છે?

(A) વિનિયમોમાં પટાવાળાને બઢતી આપવાની કોઈ જોગવાઈ નથી.
(B) સળંગ પાંચ વર્ષની પટાવાળા તરીકેની નોકરી કરી હોય તેવી વ્યક્તિને જુનિયર કારકુન તરીકે બઢતી આપી શકાય.
(C) સળંગ બે વર્ષની પટાવાળા તરીકેની નોકરી કરી હોય તેવી વ્યક્તિને જુનિયર કારકુન તરીકે બઢતી આપી શકાય.
(D) સળંગ ત્રણ વર્ષની પટાવાળા તરીકેની નોકરી કરી હોય તેવી વ્યક્તિને જુનિયર કારકુન તરીકે બઢતી આપી શકાય.

124. ''જ્ઞાનના અતિ નાના ટુકડાઓની વ્યવસ્થિત ગોઠવણીને 'અભિક્રમ' અને તે માટેની સંપૂર્ણ પ્રક્રિયાને 'અભિક્રમિત અધ્યયન' કહેવામાં આવે છે''. આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવેલ છે?
(A) ટેલર (B) ડી.એલ.કુક
(C) સ્ટોફેલ ફ્રેડ (D) શેફર

125. અભિક્રમિત અધ્યયનમાં વિવિધ વિષયોના અભિક્રમો રચવા માટે કયા વિષયો સરળ રહે છે?
(A) હિન્દી, સમાજવિદ્યા, સંસ્કૃત
(B) વિજ્ઞાન, ગણિત, વ્યાકરણ
(C) પર્યાવરણ, કમ્પ્યુટર, સ્વાસ્થ્ય શિક્ષણ
(D) આંકડાશાસ્ત્ર, વાણિજ્ય, એકાઉન્ટ

126. મધ્યાહ્ન ભોજન યોજનામાં બાળકને ન્યૂનતમ કેટલી કેલેરી અને કેટલું પ્રોટીન મળે તે રીતનું ભોજન મેનૂ નક્કી કરવામાં આવે છે?
(A) અનુક્રમે 100 કેલરી, 2 થી 5 ગ્રામ (B) અનુક્રમે 300 કેલરી, 2 થી 5 ગ્રામ
(C) અનુક્રમે 200 કેલરી, 6 થી 8 ગ્રામ (D) અનુક્રમે 300 કેલરી, 8 થી 12 ગ્રામ

127. મધ્યાહ્ન ભોજન અંતર્ગત સુખડી યોજનામાં ધોરણઃ 1 થી 5 ના અને ધોઃ 6 થી 8 ના બાળકોને અનુક્રમે કેટલા પ્રમાણમાં ઘઉં (Wheat) આપવામાં આવે છે?
(A) 25, 20 (B) 20, 25
(C) 25, 30 (D) 25, 25

128. મધ્યાહ્ન ભોજન યોજનાના અમલીકરણ માટે સરકારશ્રી દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મેળવવામાં આવે છે. અક્ષયપાત્ર નામની આ સંસ્થા ગુજરાત રાજ્યમાં સારૂં કામ કરી રહી છે. આ સંસ્થાએ કયા રાજ્યમાં સૌ પ્રથમ આ પ્રકારનું કામ કર્યું હતું?
(A) કર્ણાટક (B) મહારાષ્ટ્ર
(C) દિલ્હી (D) તામિલનાડુ

129. અન્ન ત્રિવેણી યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં આ યોજનાનો લાભ પ્રાપ્ત મેળવવા વિદ્યાર્થીઓની ન્યૂનત્તમ કેટલા ટકા હાજરી હોવી જોઈએ?
(A) 60% થી વધારે (B) 80% થી વધારે
(C) 70% થી વધારે (D) 75% થી વધારે

130. દૂધ સંજીવની યોજના હેઠળ કેટલા મિ.લી. દૂધ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે?
(A) 150 મિ.લી. (B) 300 મિ.લી.
(C) 250 મિ.લી. (D) 200 મિ.લી.

131. મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ નાયક ફાઉન્ડેશન દ્વારા કેન્દ્રિય કૃત મોર્ડન કિચન રાજ્યના કયા જિલ્લામાં કાર્યાન્વિત છે?
(A) મહેસાણા
(B) નવસારી
(C) છોટા ઉદેપુર
(D) દાહોદ

132. ''પઢે ભારત, બઢે ભારત'' આ સૂત્ર કયા કાર્યક્રમનું છે?
(A) જ્ઞાનકુંજ પ્રોજેક્ટ
(B) મિશન વિદ્યા પ્રોજેક્ટ
(C) સર્વશિક્ષા અભિયાન
(D) જ્ઞાનગંગા પ્રોજેક્ટ

133. કોઠારી પંચે સૂચવ્યા મુજબ કોઇ એકજ વર્ગમાં એક જ વર્ષમાં વધુમાં વધુ કેટલી નવી ભાષાઓ શિખવવાનું શરુ કરી શકાય?
(A) એક ભાષા
(B) બે ભાષા
(C) ત્રણ ભાષા
(D) આ બાબતે કોઇ સૂચન કોઠારી પંચે કરેલ નથી.

134. સર્વશિક્ષા અભિયાન હેઠળ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કમ્પ્યુટરથી માહિતગાર કરાવવા અને જ્ઞાન આપવું, એ ક્યા કાર્યક્રમનો ભાગ છે?
(A) સ્માર્ટ ક્લાસ
(B) જ્ઞાનગંગા
(C) પ્રજ્ઞા કાર્યક્રમ
(D) કોમ્પ્યુટર એઈડેડ લર્નિંગ

135. શિક્ષણની ગુણવત્તા સુધારવાની દિશામાં BaLa પ્રોજેક્ટનો વિચાર અને તેની શરૂઆત કોના દ્વારા થવા પામેલ?
(A) વિન્યાસ સંસ્થા, UNICEF ના સહકારથી
(B) પ્રથમ સંસ્થા UNDP ના સહકારથી
(C) અક્ષય ફાઉન્ડેશન, SSA ના ભાગ રૂપે
(D) આગાખાન ફાઉન્ડેશન

136. કઈ પ્રવૃત્તિઓ/બાબતો/ઘટનાઓ ના તારણો/અહેવાલો મેળવ્યા બાદ વર્ષ 2018માં રાજ્ય સરકારે જુલાઇ-ઓગસ્ટ માસ દરમ્યાન મિશન વિદ્યા કાર્યક્રમ શરૂ કર્યો હતો?
(A) શાળા પ્રવેશોત્સવો
(B) ગુણોત્સવ કાર્યક્રમો
(C) બોર્ડ પરીક્ષાના પરિણામો
(D) શિક્ષણ નિરિક્ષકોના અહેવાલો

**137.** પ્રજ્ઞા પ્રોજેક્ટ અને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ વચ્ચે પાયાનો તફાવત શો છે?

(A) પ્રજ્ઞા પ્રોજેક્ટ પ્રાથમિક શાળાઓ માટે છે જ્યારે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ માધ્યમિક શાળાઓ માટે છે.

(B) પ્રજ્ઞા પ્રોજેક્ટ ગ્રામ્ય વિસ્તાર માટે છે જ્યારે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ઇંટરનેટની સુવિધા ધરાવતા ક્ષેત્રો માટે છે.

(C) પ્રજ્ઞા પ્રોજેક્ટ માં વર્ગખંડનું વાતાવરણ રસપ્રદ અને પ્રવૃત્તિમય બનાવાય છે જ્યારે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ કોમ્પ્યુટર, ઇન્ટરનેટ, ઇ-content ની મદદથી જ્ઞાન આપવાનો છે.

(D) પ્રજ્ઞા પ્રોજેક્ટ શાળાકીય મૂલ્યાંકનનું અંગ છે જ્યારે જ્ઞાનકુંજ શિક્ષકોના પ્રતિભાવ મેળવવા માટેનું મૉડેલ છે.

**138.** શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં કયા પ્રકારનું મૂલ્યાંકન વર્ગખંડ શિક્ષણનો ભાગ છે?

(A) રચનાત્મક મૂલ્યાંકન
(B) સત્રાંત મૂલ્યાંકન
(C) સ્વ અધ્યયન મૂલ્યાંકન
(D) કાર્યાનુભવ મૂલ્યાંકન

**139.** કયા પ્રકારના મૂલ્યાંકનમાં વિદ્યાર્થીની સમજશક્તિ, તર્કશક્તિ, વિશ્લેષણાત્મક શક્તિ, સર્જનાત્મકતા વગેરે બાબતો ચકાસી શકાય છે?

(A) સ્વ અભ્યાસ મૂલ્યાંકન
(B) સહ શૈક્ષણિક મૂલ્યાંકન
(C) સત્રાંત મૂલ્યાંકન
(D) રચનાત્મક મૂલ્યાંકન

**140.** શાળા સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત શિક્ષક દ્વારા તટસ્થ, અનાત્મલક્ષી, પૂર્વગ્રહરહિત કઈ પ્રવિધિથી મૂલ્યાંકન થાય તે જરૂરી છે?

(A) વિધાનો ખરા છે કે ખોટા
(B) વર્ગકામ
(C) અવલોકન
(D) મૌખિક કસોટીઓ

**141.** ધોરણ-1 અને 2 ના પ્રગતિ પત્રકમાં વિષયોના વિષયવસ્તુના સંદર્ભમાં થયેલ પ્રવૃત્તિઓમાં બાળકે કરેલ પ્રગતિનું કઈ રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે?

(A) મૌખિક રીતે મૂલ્યાંકન કરી ગુણ દ્વારા
(B) મેળવેલ ગુણને સતકમાં રૂપાંતરિત કરીને
(C) લેખિત મૂલ્યાંકન કરી ગુણ દ્વારા
(D) ગ્રેડ દ્વારા

**142.** "વર્ગશિક્ષક દ્વારા વિદ્યાર્થી દીઠ આપવામાં આવેલ સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન પત્રક તે બાળકના ઉપરના ધોરણના વર્ગશિક્ષકને સુપ્રત કરવા" આ કામગીરી કોના દ્વારા કરવામાં આવે છે?

(A) વિષય શિક્ષક
(B) વર્ગશિક્ષક
(C) સુપરવાઇઝર
(D) આચાર્ય

143. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનો અસરકારક અમલ થાય તે માટે કઈ સંસ્થાએ પહેલ કરી હતી?

(A) CBSE (B) GCERT

(C) SSA (D) GSHSEB

144. આપેલા જૂથમાં કયું બંધબેસતુ નથી?

મંદાક્રાન્તા, બહુવ્રીહિ, સ્રગ્ધરા, શિખરિણી

(A) શિખરિણી (B) મંદાક્રાન્તા

(C) બહુવ્રીહિ (D) સ્રગ્ધરા

145. તાજેતરમાં સરકારશ્રી દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે કયો મહત્વનો નિર્ણય લેવાયેલ છે?

(A) પાસ થવા માટેનું ધોરણ 20% કરાયું.

(B) બોર્ડની પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ અપાઇ.

(C) પ્રશ્નપત્ર લખવા માટે વધુ સમયની ફાળવણી કરાઇ.

(D) બોર્ડ કક્ષાએ 5 અને શાળા કક્ષાએ 2 વિષયોની પરીક્ષા લેવાનું નક્કી કર્યું.

146. જીવન કૌશલ્યો એટલે- ''ક્ષમતાઓ કે જે અનુકૂલન સાધતી હોય, વિધેયાત્મક હોય અને રોજિંદા જીવનની જરૂરિયાતોને અને પડકારોને અસરકારક રીતે પહોંચી વળવા માટે તે સક્ષમ બનાવે'' આ વ્યાખ્યા કઈ સંસ્થા દ્વારા આપવામાં આવેલ છે?

(A) WHO (B) UNICEF

(C) UNESCO (D) ILO

147. કયા કાળમાં ભારતમાં શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ ''ઈશ્વર ભક્તિ તથા ધાર્મિકતાની ભાવના, ચારિત્ર્યનું ઘડતર, વ્યક્તિત્વ વિકાસ, નાગરિક તથા સામાજિક કર્તવ્યોનું પાલન, સામાજિક વિકાસ તથા રાષ્ટ્રીય સંસ્કૃતિનું રક્ષણ તથા પ્રસાર'' હતો?

(A) મધ્યકાળ (B) આધુનિકકાળ

(C) બૌધ્ધકાળ (D) વૈદિકકાળ

148. વૈદિકકાળમાં સામાન્ય રીતે શૈક્ષણિક સત્ર કેટલું રહેતું હતું?

(A) માગશર પૂર્ણિમા થી આસો પૂર્ણિમા સુધીનું

(B) શ્રાવણી પૂર્ણિમા થી પોષી પૂર્ણિમા સુધીનું

(C) કારતકી પૂર્ણિમા થી ચૈત્રી પૂર્ણિમા સુધીનું

(D) અષાઢ પૂર્ણિમા થી માગશર પૂર્ણિમા સુધીનું

149. વૈદિકકાળ શિક્ષણમાં વર્ગનેતા વિદ્યાર્થીને કયા સંબોધનથી ઓળખવામાં આવતું હતું?

(A) વર્ગલીડર (B) લીડર

(C) નાયક (D) પથદર્શક

**150.** બૌધ્ધ શિક્ષણના મુખ્ય કેન્દ્રોને કયા નામથી ઓળખવામાં આવતું હતું?
(A) મઠ (B) ગુરૂકુલ
(C) આશ્રમ (D) સંઘ

**151.** બૌધ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થાનું જગદલા નામનું શિક્ષણ કેન્દ્ર કયા રાજયમાં સ્થિત છે?
(A) બંગાળ (B) બિહાર
(C) ઉત્તરપ્રદેશ (D) પંજાબ

**152.** બૌધ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓને ઓછામાં ઓછા ત્રણ વસ્ત્રો પહેરવાનો આદેશ હતો. આ પરિધાન કયા નામથી ઓળખાતું?
(A) ત્રિવસ્તરીય (B) તિસિવરા
(C) ત્રિપટલવસ્ત્ર (D) ત્રિપિટક

**153.** ''પોતાના બાળકને દાનમાં સોનું આપવું તેના કરતાં શિક્ષણ આપવું શ્રેષ્ઠ છે'' આ વિચાર કોણે વ્યક્ત કર્યો હતો?
(A) ચાણક્ય (B) સમ્રાટ અશોક
(C) શાહજહાં (D) મહમ્મદ સાહેબ

**154.** કયા રાજા દ્વારા મધ્યકાલિન સમયમાં ગુજરાતની પછાત વહોરા જાતિને શિક્ષિત કરવા માટે આર્થિક સહાયતા અપાઇ હતી?
(A) જહાંગીર (B) અકબર
(C) ઔરંગઝેબ (D) હુમાયુ

**155.** ચીની પ્રવાસી હ્યુએનસંગે ભારતની કઈ પ્રાચીન વિદ્યાપીઠોની કાર્યરત હાલતમાં મુલાકાત લીધી હોવાના પુરાવાઓ ઉપલબ્ધ છે.
વિકલ્પ: i) તક્ષશિલા
ii) નાલંદા
iii) વલભી
iv) વિક્રમશીલા
(A) ii, iii અને iv (B) ii અને iv
(C) ii અને iii (D) i, ii, iii, iv તમામ

**156.** જુલાઇ-ઓગસ્ટ 2018માં રાજ્ય સરકારે કયા ધોરણમાં ભણતા બાળકોની લેખન, ગણન અને વાંચન ક્ષમતાનો વિકાસ કરવા ખાસ કાર્યક્રમ યોજયો હતો જેમાં સનદી અધિકારીઓ તથા પદાધિકારીઓએ યોગદાન આપ્યું હતું?
(A) 1 થી 4 (B) 1 થી 8
(C) 6 થી 8 (D) 9 થી 10

157. મેકોલેના વિવરણપત્ર મુજબ કઈ બાબતનો ખર્ચ નિરર્થક ગણવામાં આવ્યો હતો?
વિકલ્પ: i) પ્રાચ્ય ભાષાના વિદ્યાલયો
ii) અંગ્રેજી શાળાઓ
iii) પુસ્તકાલયો
iv) મદ્રેસાઓ

(A) iii અને iv
(B) i અને iv
(C) i અને iii
(D) i, ii, iii, iv તમામ

158. મેકોલેના મત અનુસાર અંગ્રેજી શિક્ષણના કારણે ભારતીયોનો સંબંધ કયા રાષ્ટ્રો સાથે વધી શકે તેમ હતું?

(A) ફ્રાંસ અને બેલ્જીયમ
(B) જર્મની અને ડેનમાર્ક
(C) ઓસ્ટ્રેલિયા અને સ્પેન
(D) ઓસ્ટ્રીયા અને આફ્રીકા

159. તારીખ 15/2/1835ના દિવસે મેકોલેના વિવરણપત્ર ઉપર કયા લોર્ડ દ્વારા પ્રસ્તાવોને સ્વીકૃતિ આપવામાં આવી હતી?

(A) વોરન હેસ્ટિંગ્સ
(B) લોર્ડ પ્રિન્સેપ
(C) લોર્ડ વિલિયમ બેન્ટિક
(D) લોર્ડ કર્જન

160. વર્ગવ્યવસ્થા ન હોય, સમયપત્રકના બંધનો તથા ઘંટનો ત્રાસ ન હોય, બાળકને અભિવ્યક્તિની સંપૂર્ણ તક હોય એવી શાળાની કલ્પના કોણે વ્યક્ત કરેલી હતી?

(A) જીન જેક રૂસો
(B) ગાંધીજી
(C) લોર્ડ મેકોલે
(D) બી.સી.રાય

161. એડમ ને કયા રાજ્યમાં ભારતીય શિક્ષણની વ્યવસ્થાની તપાસ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા?

(A) કેરલ
(B) મદ્રાસ
(C) મૈસુર
(D) બંગાલ

162. ધોરણ-11માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી દીપિકાને સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગ દ્વારા અપાતી ખાનગી ટ્યુશન માટેની રૂ. 15,000 ની સહાય કઈ શરતોને આધીન મળી શકે?
વિકલ્પ: i) તે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ પૈકીની અતિ પછાત, વધુ પછાત કે વિચરતી વિમુક્ત જાતિની હોય.
ii) ધોરણ-10માં 70% કે વધુ ગુણથી પ્રથમ પ્રયત્ને પાસ થઈ હોય.
iii) તેનાં પિતાની વાર્ષિક આવક રૂ. 1,50,000 ની મર્યાદામાં હોય.
iv) તે ગુજરાત રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી હોય.

(A) i, ii અને iii સંતોષાતા હોય તો જ
(B) માત્ર i અને ii સંતોષાતા હોય તો પણ
(C) માત્ર ii અને iii સંતોષાતા હોય તો પણ
(D) i, ii, iii અને iv સંતોષાતા હોય તો જ

**163.** ભારતીય શિક્ષણ આયોગની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવેલી હતી?

(A) 1857 (B) 1858

(C) 1882 (D) 1869

**164.** ભારતીય શિક્ષણ આયોગ દ્વારા પ્રાંતને પોતાની રીતે કઈ બાબત રચવાની અને અપનાવવાની છૂટ આપવા માટે ભલામણ કરવામાં આવેલ હતી?

(A) અભ્યાસક્રમ (B) પાઠ્યપુસ્તક

(C) શિક્ષણ પ્રશિક્ષણ (D) શિક્ષણનું માધ્યમ

**165.** નીચેના વહીવટી માળખુ દર્શાવતા ચાર્ટમાં પ્રશ્નાર્થ ચિન્હની જગાએ શું હોઈ શકે?




(A) CET (B) STATE EDUCATION BOARD

(C) CASE (D) GCERT

**166.** સમગ્ર વડોદરા રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ કયા વર્ષમાં ફરજિયાત કરવામાં આવ્યું?

(A) 1917 (B) 1921

(C) 1906 (D) 1912

**167.** “કલકત્તા વિશ્વવિદ્યાલયની પરિસ્થિતિ તથા જરૂરિયાતોની તપાસ કરવા અને તેના વિષેની સમસ્યાઓનો રચનાત્મક રીતે ઉકેલ સૂચવવા” કયા કમિશનને કામગીરી આપવામાં આવેલ હતી?

(A) સેડલર કમિશન (B) હંટર કમિશન

(C) પ્રો. રામ્સેમૂર કમિશન (D) લોર્ડ કર્જન કમિશન

**168.** ભારત સરકારે તારીખ 4/11/1948ના રોજ કોના અધ્યક્ષ સ્થાન હેઠળ“યુનિવર્સિટી શિક્ષણપંચ” ની રચના કરી હતી?

(A) ડૉ. અબ્દુલ કલામ આઝાદ (B) ડૉ. એસ. રાધાકૃષ્ણન

(C) આસુતોષ મુખર્જી (D) કનૈયાલાલ મુન્શી

**169.** કયા પંચની ભલામણ પ્રમાણે “વિવિધલક્ષી શાળાઓ અસ્તિત્વમાં આવી ત્યાં અત્યંત મર્યાદિત વૈકલ્પિક વિષયોના શિક્ષણની વ્યવસ્થા થઈ તે સાથે એવા વિષયો માટે જરૂરી સાધન સામગ્રી અને તાલીમી શિક્ષકોની અછત સર્જાઈ”?

(A) રાષ્ટ્રીય શિક્ષણ પંચ (B) સેડલર કમિશન

(C) માધ્યમિક શિક્ષણ પંચ (D) યુનિવર્સિટી શિક્ષણ પંચ

170. શિક્ષકોને સેવાકાલિન તાલીમ આપવા સારૂં શરૂઆતના તબક્કે ગુજરાત રાજ્યની ચાર સંસ્થાઓને IASE ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ સ્ટડી ઈન એજ્યુકેશન તરીકે માન્યતા મળેલ હતી. નીચે આપેલ કઈ સંસ્થાનો આમાં સમાવેશ થયેલ ન હતો?
(A) એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
(B) સરકારી શિક્ષણ કોલેજ, જૂનાગઢ
(C) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
(D) એચ. એમ. પટેલ ઈંગ્લીશ ઈન્સ્ટીટ્યુટ, વલ્લભ વિધાનગર

171. મુદલિયાર શિક્ષણ પંચ દ્વારા 7 કે 8 વર્ષનું પ્રાથમિક શિક્ષણ અને 4 વર્ષનું માધ્યમિક શિક્ષણ હતું. (જૂની તરાહ) રાષ્ટ્રીય શિક્ષણ પંચ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં જે વ્યવસ્થાની ભલામણ કરેલ તે વ્યવસ્થા કઈ હતી? (નવી તરાહ)
(A) 8 વર્ષનું પ્રાથમિક શિક્ષણ, 2 વર્ષનું નિમ્ન માધ્યમિક શિક્ષણ અને 2 વર્ષનું ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ
(B) 7 વર્ષનું પ્રાથમિક શિક્ષણ, 3 વર્ષનું નિમ્ન માધ્યમિક શિક્ષણ અને 2 વર્ષનું ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ
(C) 5 વર્ષનું પ્રાથમિક શિક્ષણ, 5 વર્ષનું નિમ્ન માધ્યમિક શિક્ષણ અને 2 વર્ષનું ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ
(D) 8 વર્ષનું પ્રાથમિક શિક્ષણ, 2 વર્ષનું માધ્યમિક શિક્ષણ અને 2 વર્ષનું ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ

172. રાષ્ટ્રીય શિક્ષણપંચ (કોઠારી કમિશન) ની ભલામણોને પરિણામે અમલમાં આવેલ શિક્ષણની નવી તરાહને કારણે જે સમસ્યાઓ ઉભી થઈ તેમાંથી કઈ કમિટીનો ઉદ્દભવ થયેલ?
(A) રામમૂર્તિ સમિતિ
(B) ડૉ. ઝાકીર હુસેન સમિતિ
(C) ઈશ્વરભાઈ સમિતિ
(D) કે. એલ. શ્રીમાળી સમિતિ

173. દરેક ઉત્પાદક એકમોને વધુ અસરકારક બનાવવાના માર્ગોનું ચિંતન શરૂ થયું, પ્રયોગો શરૂ થયા અને એક નવી વિદ્યાશાખા અસ્તિત્વમાં આવી. આ કઈ શાખા છે?
(A) હ્યુમેનીટી
(B) મનોવિજ્ઞાન
(C) વ્યવસ્થાપન
(D) કોમર્સ

174. ''સંગઠન એ એક એવું ઔપચારિક માળખું છે, જ્યાં બે કે વધુ વ્યક્તિઓની સંયોજિત પ્રવૃત્તિઓ સભાનપણે ઉદ્દેશોની દિશા તરફ દોરાય છે.'' આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવી છે?
(A) જે. એલ. મેસી
(B) બર્નાર્ડ
(C) ડી. કિલીંગ
(D) ઈ. એફ. બ્રેક

175. ચેસ્ટર આઈ. બનર્ડિના ક્યા ગ્રંથમાં સંગઠન માટે આવશ્યક એવી શરતો દર્શાવી છે? જે શરતો વિદ્યાલય ધરાવતું હોય તેને સંગઠન કહી શકાય.
(A) 'ધ ફંકશન ઓફ ધ કન્સલટેન્ટ'
(B) 'ધ ફંકશન ઓફ ઓર્ગેનાઈઝર'
(C) 'ધ ફંકશન ઓફ ધ ટીચર'
(D) 'ધ ફંકશન ઓફ ધ એકઝીક્યુટીવ'

176. વ્યવસાયિક શિક્ષણમાં કોનો સમાવેશ થતો નથી?
(A) ટેકનિકલ, યંત્ર
(B) કૃષિગૃહ ઉદ્યોગ
(C) વાણિજ્ય
(D) બી. એડ

177. ''શિક્ષણક્ષેત્રે થયેલા સંશોધનોનો વિનિયોગ કરવો અને આવશ્યક પરિવર્તનોને સ્વીકારવા અને નવીનીકરણો અપનાવવા શિક્ષકોને તૈયાર કરવા જેથી શાળાના હેતુઓ મહત્તમ રીતે પરિપૂર્ણ થાય.'' વૈજ્ઞાનિક વ્યવસ્થાપનના વિવિધ સિધ્ધાંતો પૈકી આ ક્યા પ્રકારનો સિધ્ધાંત છે?
(A) પરિણામનો સિધ્ધાંત
(B) કાર્યસિધ્ધાંતની વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ
(C) ગતિશીલ વ્યવસ્થાપનનો સિધ્ધાંત
(D) સમય અભ્યાસ સિધ્ધાંત

178. વ્યવસ્થાપક પાસે આયોજન કૌશલ્ય હોવું જોઈએ. ગુણવત્તા વ્યવસ્થાપન આયોજનપૂર્વક કાર્યપથ પર આગળ વધવાથી જ સંભવ બનતું હોય છે. શાળા વ્યવસ્થાપનના સંદર્ભમાં આયોજન કૌશલ્યનું પાસું કોની પાસે હોવું જોઈએ?
(A) શિક્ષક
(B) વર્ગશિક્ષક
(C) આચાર્ય
(D) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

179. ''દરેક વ્યક્તિ સંસ્થામાં રસથી કામ કરી શકે તે માટે તેની સાથે પ્રેમપૂર્વક વ્યવહાર થાય તે ઈચ્છનીય છે. તદૌપરાંત તેની યથા સમયે કદર, સુરક્ષિતતા, પ્રેમ અને સાહસની તૃપ્તિ થાય તે પણ ઈચ્છનીય છે'' માનવ સંબંધના સંચાલન કૌશલ્યમાં આ વ્યાખ્યા નો ક્યા ઘટકમાં સમાવેશ થયેલ છે?
(A) પાયાની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો સંતોષવી.
(B) સામાજીક સંબંધો વ્યવહાર વિકસાવવાની પૂરી તક
(C) સાથી મિત્રોનો સહકાર અને સહયોગ
(D) મુક્ત અભિવ્યક્તિ અને સંવાહક

180. નેતૃત્વનું મૂલ્યાંકન કરવાના પ્રયત્નોમાં Leader's Behaviour Description Questionnaire નામનું ઉપકરણ કોના દ્વારા તૈયાર કરવામાં આવેલ છે?
(A) મેક ગ્રેગર અને કાટ્રજ
(B) લી વિગસ્ટન અને વિલિયમ કૂટ
(C) હેલ્વીન અને વીનર
(D) મેસકન અને એલબર્ટ

181. "ચોક્કસ વ્યક્તિઓના જૂથ દ્વારા શાળા તથા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને લગતી માહિતીનું એકત્રિકરણ, પ્રક્રિયા, સંગ્રહ અને માહિતીની વહેંચણી જેવા કાર્યો હાથ ધરાય તે સ્થળને શું કહેવાય છે?
(A) કાર્યાલય
(B) આચાર્ય કક્ષ
(C) શાળા કાર્યાલય
(D) કારકુન કક્ષ

182. "વ્યવસ્થાપન કરવું એટલે પૂર્વાનુમાન કરવું, આયોજન કરવું, સંગઠિત કરવું, નિદર્શન કરવું, સંકલન કરવું અને નિયંત્રિત કરવું" વ્યવસ્થાપનની આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવેલ છે?
(A) પ્રો. કલધ
(B) લોરેન્સ એટલ
(C) વિલિયમ એફ. ગ્લુક
(D) હેન્રી એચ. ફયોલ

183. ગુજરાત રાજ્યમાં માધ્યમિક શિક્ષણનો અભ્યાસક્રમ કોણ નક્કી કરે છે?
(A) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
(B) G.C.E.R.T
(C) G.I.E.T
(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

184. Indian Association of Special Libraries and Information Centres નું મુખ્ય મથક ક્યાં આવેલ છે?
(A) નવી દિલ્હી
(B) કોલકતા
(C) બેંગલુર
(D) અમદાવાદ

185. બ્લેઈઝ ક્રોનિનના મત મુજબ ગ્રંથપાલ કે ઈન્ફોર્મેશન સાઈન્ટીસ્ટે પોતાનું નામાભિધાન બદલી ક્યુ નામાભિધાન રાખવું જોઈએ?
(A) ડોક્યુમેન્ટેશન મેનેજર
(B) ઈન્ફોર્મેશન સેક્રેટરી
(C) ઈન્ફોર્મેશન મેનેજર
(D) ઈન્ફોર્મેશન ગ્રીવર

186. અપ્રકાશિત સ્રોતો, વિવરણાત્મક માહિતી, સ્રોત સંગઠન વ્યક્તિગત, દ્રશ્ય શ્રાવ્ય સામગ્રી અને શોધ પરિયોજના ક્યા પ્રકારના ડેટાબેઝનો ભાગ છે?
(A) સંદર્ભ ડેટાબેઝ
(B) પૂર્ણપાઠ ડેટાબેઝ
(C) સંખ્યાત્મક ડેટાબેઝ
(D) નિર્દેશાત્મક ડેટાબેઝ

187. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રમાં વર્ગીકરણ અગત્યનું અંગ છે. વર્ગીકરણ વગર ગ્રંથાલયમાં વાંચન સામગ્રીની ગોઠવણી શક્ય નથી. ગ્રંથાલયમાં વર્ગીકરણની શરૂઆત કોના દ્વારા કરવામાં આવેલ હતી?
(A) સેયર્સ
(B) મેલ્વિન ડ્યુઈ
(C) જેમ્સ ડફબ્રાઉન
(D) રાઈડર

188. ''આ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યવહારિક કાર્ય કરતા પોતાની સમસ્યાઓની એવી દ્રષ્ટિથી વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે કે જેનાથી તે આવશ્યકતા અનુસાર પોતાના નિર્ણય અને ક્રિયાઓને દિશા આપી શકે, એમાં પરિવર્તન લાવી શકે'' આ વ્યાખ્યા ક્યા પ્રકારના સંશોધન માટે આપેલ છે?

(A) વર્ણનાત્મક સંશોધન
(B) વ્યાવહારિક સંશોધન
(C) ક્રિયાત્મક સંશોધન
(D) પ્રયોગાત્મક સંશોધન

189. ''છંદતિ ઈતિ છંદ છંદ'' અર્થાત જે છંદ છે, જે રોચક છે, જે ખુશી આપે છે તે છંદ છે. આ પરિભાષાનો ઉલ્લેખ ક્યા વેદમાં કરવામાં આવેલ છે?

(A) યજુર્વેદ
(B) અથર્વવેદ
(C) સામવેદ
(D) ઋગવેદ

190. ''બેડો પાર થવો'' આ રૂઢિપ્રયોગનો શો ભાવાર્થ છે?

(A) સફળતા મળવી
(B) ખુબ આનંદ થવો
(C) ધ્રાસકો પડવો
(D) મહેનત વ્યર્થ જવી

191. શિક્ષણ ક્ષેત્રે કામ કરતી સૌથી મોટી સેવાભાવી સંસ્થા કઇ છે કે જેની સ્થાપના માધવ ચવાણ અને ફરિદા લાંબા એ કરી હતી?

(A) સ્માઇલ ઈન્ડિયા
(B) નન્હીકલી
(C) પ્રથમ
(D) મહેરબાઇ ટાટા ટ્રસ્ટ

192. ગુજરાતી ભાષાના ક્યા સાહિત્યકારને હાઈકુના સર્જક તરીકે ઓળખાય છે?

(A) રાજેન્દ્ર શુકલ
(B) ઉમાશંકર જોષી
(C) મણીશંકર ભટ્ટ
(D) ઝીણાભાઈ દેસાઈ

193. ''ધી પ્રિન્સીપલ ઓફ સોશ્યોલોજી'' નામના પુસ્તકમાં શિક્ષણ પર સામાજીક જીવન અને સામાજીક જીવનની શિક્ષણ પર પડતી અસરોના વિશ્લેષણ દ્વારા શૈક્ષણિક સમાજ શાસ્ત્રમાં અધ્યયન અને આધાર રજૂ કર્યા છે. આ પુસ્તક ક્યા સમાજ શાસ્ત્રી દ્વારા લખવામાં આવ્યું છે?

(A) જહોન ડયુઈ
(B) જયોર્જ પેઈને
(C) સ્કીનર
(D) થોમસ હેરિસ

194. ખેરવા, ભીલોડા, બાલાછડી અને વારાહી વચ્ચે કઇ સામ્યતા છે?

(A) તમામ સ્થળોએ આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે.
(B) તમામ સ્થળોએ સંસ્કૃત પાઠશાળાઓ આવેલી છે.
(C) તમામ સ્થળોએ સૈનિક શાળાઓ આવેલી છે.
(D) તમામ સ્થળોએ કસ્તૂરબા કન્યા શાળાઓ આવેલી છે.

195. ''સીધુ શિક્ષણ આપવાના બદલે બીજા વિષયો સાથે જોડીને તેનું શિક્ષણ આપવું જોઈએ'' આ શબ્દ રચના કયા ધ્યેય પ્રાપ્તી માટે કહેવામાં આવેલ છે?
(A) રાષ્ટ્રીય એકતા માટેની કેળવણી
(B) ચારિત્ર્ય ઘડતર માટેની કેળવણી
(C) સામાજિક એકતા માટેની કેળવણી
(D) લોકશાહી નાગરિકત્વ ઘડતર માટેની કેળવણી

196. બાળકોને નિયમોના મૂળ શોધકની સ્થિતિમાં મૂકીને તે શોધકના આવિષ્કાર-અનુભવનો રોમાંચ અનુભવે તેવી અધ્યયન પધ્ધતિને શું કહેવાય?
(A) મોન્ટેસરી પધ્ધતિ
(B) નિવાસી શિક્ષણ પધ્ધતિ
(C) હ્યુરીસ્ટિક પધ્ધતિ
(D) ડાલ્ટન પધ્ધતિ

197. ''શૈક્ષણિક સમજશાસ્ત્ર એ વ્યક્તિને તેના સાંસ્કૃતિક પર્યાવરણ વચ્ચેનાં અનુયોગનો અભ્યાસ છે, જેમાં બીજી વ્યક્તિઓ, સામાજિક જૂથો અને વર્તન તરાહોનો સમાવેશ થાય છે'' આ પરિભાષા કયા સમાજશાસ્ત્રી દ્વારા આપવામાં આવેલ છે?
(A) જહોન ડયુઈ
(B) બ્રાઉન
(C) કુકસ
(D) ઓટવે

198. ''આંતરરાષ્ટ્રીય સમજ'' ની સંકલ્પના પર આધારિત હોય તો જ વિદ્યાર્થી વિશ્વસમજ માટે પોતાને તૈયાર કરી શકે''. આ બાબતનો સમાવેશ શેમાં કરવો જોઈએ?
(A) શિક્ષણના નિર્દેશમાં
(B) શિક્ષણના હેતુઓમાં
(C) પધ્ધતિ શાસ્ત્રમાં
(D) અભ્યાસક્રમમાં

199. ''શિક્ષણએ સામાજિક મુક્તિનું સૌથી મહાન સાધન છે, જેનાથી લોકશાહીમાં નાગરિકો વચ્ચે સમાનતાનો જુસ્સો કેળવી શકાય, જાળવી શકાય અને સાચવી શકાય'' આ બાબત કયા શિક્ષણ પંચ દ્વારા તેઓના અહેવાલમાં કહેવામાં આવેલ છે?
(A) ડી.એસ.કોઠારી પંચ
(B) રાધાકૃષ્ણન પંચ
(C) હંટર પંચ
(D) મુદલિયાર પંચ

200. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણીના સંદર્ભમાં નીચે પૈકીના કયા/કયું વિધાન સાચા/સાચું છે?
i) બોર્ડના અધ્યક્ષ પોતે પણ ચૂંટણી અધિકારી હોઈ શકે છે.
ii) સભ્યોની મતદાર યાદી બોર્ડના અધ્યક્ષશ્રીએ પ્રમાણિત કરવાની હોય છે.
iii) કોઈ કોર્ટમાં વાંધો ન ઉઠાવાયો હોય તો ચૂંટણીને લગતો રેકર્ડ પરિણામ જાહેર થયા બાદ એક વર્ષ સુધી સાચવી રાખવાનું હોય છે.
(A) i અને ii
(B) માત્ર ii
(C) માત્ર i
(D) i, ii અને iii તમામ

201. "શિક્ષણના પાયાના હેતુઓમાંથી એક હેતુ વિદ્યાર્થીમાં સામાજીક અને રાષ્ટ્રીય એકતા કેળવવાનો છે" આ હેતુનો ઉલ્લેખ કઈ નીતિ/પંચમાં કરવામાં આવેલ છે?
(A) સેડલર કમિશન 1917
(B) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986
(C) રાષ્ટ્રીય શિક્ષણ પંચ 1964-66
(D) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (સુધારેલ) 1992

202. "કોઈપણ લોકશાહી દેશની રક્ષા માટે વિશાલ લશ્કરની લંગર કરતાં શિક્ષિત નાગરિકોનો નાનકડો સમૂહ વધુ શક્તિશાળી પુરવાર થઈ શકે છે" આ વાક્યો કોના દ્વારા કહેવામાં આવેલ છે?
(A) આલ્ડૂકક
(B) એડમંડ બર્ક
(C) કે.જી. સૈયદ્દીન
(D) ડો. રાધાકૃષ્ણન

203. "શૈક્ષણિક સમાજશાસ્ત્રનો અર્થ સંસ્થાઓ, સામાજિક જૂથો અને સામાજિક પ્રક્રિયાઓ એટલે કે વ્યકિત પોતાના અનુભવો મેળવે અને મઠારે એવા સામાજિક સંબંધોને વર્ણવતું અને સમજાવતું વિધાન" સમાજશાસ્ત્રની આ વ્યાખ્યા ક્યા સમાજશાસ્ત્રી દ્વારા આપવામાં આવેલ છે?
(A) કુકસ
(B) કિન્નરમેન
(C) બ્રાઉન
(D) ઈ.જ્યોર્જ પેઈન

204. સંયુક્ત કુટુંબને બીજા ક્યા નામથી ઓળખવામાં આવે છે?
(A) જનસમુદાય
(B) વ્યવસ્થિત જનસમુદાય
(C) લઘુસમાજ
(D) મંડળી

205. "વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધોમાં સંવાદનું તત્વ બન્ને વચ્ચેનો સંબંધ સ્થાપિત કરે છે" સંબંધો અંગે કોણે આ વાત કહી હતી?
(A) માર્ટિન લ્યૂથર
(B) ડર્કહેમ
(C) એવર્ટ હેગન
(D) ડેનિયલ લર્નર

206. શિક્ષકોને મુક્ત તાસ મળવાથી તે તાજગી અનુભવે છે અને નવપલ્લવિત થાય છે. આદર્શ પરિસ્થિતિમાં શિક્ષકને કેટલા મુક્ત તાસ મળવા જોઈએ?
(A) દરરોજ ઓછામાં ઓછો એક
(B) દરરોજ ઓછામાં ઓછા બે
(C) સપ્તાહમાં ઓછામાં ઓછા ચાર
(D) સપ્તાહમાં ઓછામાં ઓછા દસ

207. "સામાજિક જ્ઞાનને શૈક્ષણિક પ્રક્રિયામાં લાભદાયી રીતે જોતરી શકાય એ માટે એ જ્ઞાનને વધારનારી અને ઉપયોગમાં લેનારી વિદ્યા શાખા" આ વ્યાખ્યા ક્યા સમાજશાસ્ત્રી દ્વારા આપવામાં આવેલ છે?
(A) એરિસ્ટાલ
(B) કિન્નરમેન
(C) બ્રાઉન
(D) રૂસો

208. ''શિક્ષક સાહિત્યિક હોવો જોઈએ, શિક્ષક સાંસ્કૃતિક હોવો જોઈએ અને શિક્ષક આધ્યાત્મિક હોવો જોઈએ. એટલે કે જો શિક્ષક પોતે મૂલ્યવાન હશે તો જ ઉત્તમ 'માનવ' તૈયાર કરી શકશે'' આ વાત કોના દ્વારા કહેવામાં આવેલ છે?

(A) મોરારિબાપુ
(B) રમેશ ઓઝા
(C) રાજા રામમોહનરાય
(D) ડો. અબ્દુલ કલામ

209. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત થતા દરેક પુસ્તકની શરૂઆતમાં પ્રથમપાને ભારતના સંવિધાનના ક્યા અનુચ્છેદમાં દર્શાવેલી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવે છે?

(A) 44-A
(B) 45
(C) 21-A
(D) 51-A

210. તત્વજ્ઞાનનો શિક્ષણ સાથે અતૂટ સંબંધ છે. આ સંદર્ભમાં નીચે જણાવેલા વિધાનો પૈકી ક્યું વિધાન સંપૂર્ણપણે સાચું છે?

(A) તત્વજ્ઞાનએ કેળવણીની દિશા છે અને કેળવણી તત્વજ્ઞાનની ગતિ છે.
(B) તત્વજ્ઞાન જીવનના લક્ષ્યના પ્રાપ્ત કરવા માટેની સલાહ આપે છે. જ્યારે શિક્ષણ જીવનના લક્ષ્યાંકનું નિર્ધારિણ કરે છે.
(C) તત્વજ્ઞાનએ કેળવણીની ગતિ છે અને કેળવણી તત્વજ્ઞાનની દિશા છે.
(D) કેળવણીએ એક શક્તિ છે અને તેને પ્રવાહિત કરવાનું કામ તત્વજ્ઞાન કરે છે.

211. કેળવણીને કોના વિકાસ સાથે ગહન સંબંધ છે?

(A) ક્ષેત્રિય વિકાસ
(B) જનસમુદાય વિકાસ
(C) વ્યક્તિગત વિકાસ
(D) માનવ વિકાસ

212. ખાસ તાલીમની જરૂરિયાત હોય તેવા બાળકોને ઓળખી કાઢવા જોઈશે અને તાલીમની વ્યવસ્થા કરવી જોઈશે. RTE ના સંદર્ભમાં આવા બાળકોને કોણ ઓળખી કાઢશે?

(A) SSA/GCERT
(B) શાળા વ્યવસ્થાપન સમિતિ/સ્થાનિક સત્તા મંડળ
(C) BRC/CRC
(D) ગ્રામસભા/ગ્રામ પંચાયત

213. બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર કાયદા 2009 ની કલમ 19 અન્વયે નક્કી થયા મુજબ ધોરણઃ- 1 થી 5 ના વર્ગો માટે શૈક્ષણિક કાર્ય માટે ઓછામાં ઓછો કેટલો સમય રાખવો જોઈએ?

(A) 200 કામકાજના દિવસો / 800 શૈક્ષણિક કલાકો
(B) 220 કામકાજના દિવસો / 1000 શૈક્ષણિક કલાકો
(C) 200 કામકાજના દિવસો / 900 શૈક્ષણિક કલાકો
(D) 220 કામકાજના દિવસો / 800 શૈક્ષણિક કલાકો

**214.** આઠ વર્ષની વય ધરાવતું કોઈ બાળક કોઈ દિવસ શાળાએ ગયું ન હોય તો તેને RTE કાયદાની જોગવાઈ અનુસાર કઈ રીતે પ્રવેશ આપી શકાય?

(A) ધોરણઃ- 1 માં દાખલ કરવાનો રહે.

(B) તેની વય અનુસાર ધોરણઃ- 3 માં દાખલ કરી ખાસ તાલીમ આપવાની રહે.

(C) તેનું અક્ષરજ્ઞાન ચકાસી ગુણદોષના ધોરણે 1 થી 3 પૈકી કોઈપણ ધોરણમાં દાખલ કરી શકાય.

(D) પ્રવેશ આપી ન શકાય.

**215.** સ્થાનિક સત્તા મંડળે તેમની હકૂમતના તમામ બાળકોનું તેમના જન્મથી તેઓ ચૌદ વર્ષની વયના થાય ત્યાં સુધીનું રેકર્ડ ઘરગથ્થુ સર્વે મારફતે કરાવવા માટેના નમૂનાઓ કોના દ્વારા નક્કી કરવામાં આવેલ છે?

(A) નિયામક, GCERT
(B) નિયામક, SSA
(C) જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારી
(D) નિયામક, પ્રાથમિક શિક્ષણ

**216.** કાર્યક્ષેત્ર હેઠળની શાળાઓમાં નોંધાયેલા તમામ બાળકોની યાદી લોકો જોઈ શકે તેવી રીતે પ્રદર્શિત કરવામાં આવે છે તેવું ક્યા સત્તા મંડળે સુનિશ્ચિત કરવું જોઈએ? (RTEના સંદર્ભમાં)

(A) ગ્રામસભા
(B) શાળા વ્યવસ્થાપન સમિતિ
(C) સ્થાનિક સત્તામંડળ
(D) નિયામક સર્વશિક્ષા અભિયાન

**217.** બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર કાયદા 2009 ની જોગવાઈ અનુસાર નબળા વર્ગના બાળકો માટે અનામત રખાયેલ જગા પર પ્રવેશ મેળવવા સારૂં શહેરી વિસ્તારમાં રહેતા બાળકના વાલી માટે વાર્ષિક આવક મર્યાદા કેટલી છે?

(A) રૂ. 1,20,000/-
(B) રૂ. 1,50,000/-
(C) રૂ. 57,000/-
(D) રૂ. 67,000/-

**218.** બંધારણમાં કઈ બાબતમાં સુધારો થયા બાદ બાળકોનો મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણના અધિકારનો કાયદો અસ્તિત્વમાં આવ્યો?

(A) આમુખ
(B) મૂળભુત અધિકાર
(C) મૂળભુત ફરજો
(D) રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો

**219.** RTE અંતર્ગત શાળા વ્યવસ્થાપન સમિતિના 12 સભ્યો પૈકી કેટલા ટકા મહિલા સભ્ય હોવા જોઈએ?

(A) 60%
(B) 75%
(C) 40%
(D) 50%

**220.** RTE કાયદા અનુસાર શિક્ષકને વર્ગખંડના શિક્ષણ ઉપરાંત નીચે પૈકી કઈ કામગીરી સોંપી ન શકાય?

i. આરોગ્ય વિષયક મોજણી

ii. દસ વર્ષીય વસતી ગણતરી

iii. આપત્તિ રાહત કામગીરી

iv. વિધાનસભાની ચૂંટણીની કામગીરી

v. નગરપાલિકાની ચૂંટણીની કામગીરી

(A) માત્ર i (B) i અને v

(C) i, ii અને v (D) માત્ર v

**221.** વિદ્યાર્થી અગાઉથી પરવાનગી લીધા સિવાય એક મહિનામાં કેટલા દિવસ ગેરહાજર રહે, તો શાળાએ તેના માતા-પિતાને અને શાળા વ્યવસ્થાપન સમિતિને પત્ર મોકલવો જોઈશે?

(A) 9 (B) 10

(C) 7 (D) 12

**222.** "સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટેની માર્ગદર્શિકા" વખતોવખત બહાર પાડવાનું કાર્ય કઈ સંસ્થાનું છે?

(A) સર્વશિક્ષા અભિયાન, ગાંધીનગર

(B) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

(C) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

(D) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

**223.** RTE કાયદામાં 2012 માં થયેલ સુધારા અન્વ્યે શાળા વ્યવસ્થાપન સમિતિની ભૂમિકા માત્ર સલાહકારની જ રહેવા પામેલ છે, આ વિધાન ક્યા પ્રકારની શાળાઓ માટે સાચુ નથી?

(A) સરકાર દ્વારા સ્થાપિત અને સંચાલિત શાળાઓ

(B) ધાર્મિક લઘુમતિ શાળાઓ

(C) અનુદાનિત શાળાઓ

(D) ભાષાકીય લઘુમતિ શાળાઓ

**224.** કોઈ શાળાએ પ્રાથમિક ધોરણોમાં પ્રવેશ માટે 20,000 રૂ. દાન (Donation) અગર કેપિટેશન ફી પેટે સ્વીકારેલ છે. તેવું સાબિત થાય. તો RTE કાયદા અનુસાર મહત્તમ કેટલી શિક્ષા થઈ શકે?

(A) 20,000 રૂ. દંડ

(B) 1,00,000 રૂ. દંડ

(C) 2,00,000 રૂ. દંડ

(D) 2 વર્ષની સજા અને / અથવા 5000 રૂ. દંડ

225. શાળા સંચાલન સમિતિ (SMC) માં શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓને સામેલ કરવાની જોગવાઈ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર કાયદામાં છે. ઓછામાં ઓછા કેટલા વાલીઓને આ સમિતિના સભ્ય તરીકે રાખવા જોઈએ?

(A) 5
(B) સમિતિની સભ્ય સંખ્યાના 50%
(C) સમિતિની સભ્ય સંખ્યાના 75%
(D) વિદ્યાર્થી સંખ્યાના 33%

226. દરેક વાલી અને અભિભાવકની પોતાના બાળક પ્રત્યે બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 હેઠળ કઈ જવાબદારી નિર્ધારિત કરવામાં આવેલ છે?

(A) નજીકની પ્રાથમિક શાળામાં પ્રવેશ અપાવવો
(B) શાળા વ્યવસ્થાપન સમિતિનો સંપર્ક કરવો
(C) ખાસ તાલીમ અપાવવી
(D) ઘરે ભણાવવું

227. RTE કાયદા અનુસાર રાજ્ય સરકારો એ પૂર્વ પ્રાથમિક શિક્ષણવ્યવસ્થા ગોઠવવા માટે વિદ્યાર્થીની કઈ વયમર્યાદા નિર્ધારીત કરવામાં આવેલ છે?

(A) અઢી વર્ષ ઉપર
(B) સાડા ત્રણ વર્ષ ઉપર
(C) બે વર્ષ ઉપર
(D) ત્રણ વર્ષ ઉપર

228. બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 અંતર્ગત બાળકોને શારીરિક-માનસિક સજા ન આપી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, તેનો ભંગ કરનાર શિક્ષકને ઉક્ત કાયદા મુજબ કઈ શિક્ષા થઈ શકે?

(A) ફોજદારી કાયદા મુજબ ગુન્હો દાખલ થાય.
(B) નોકરીની શરતો અનુસાર સેવા વિષયક નિયમો મુજબ શિક્ષાની કાર્યવાહી
(C) સુનાવણીની તક આપ્યા બાદ નોકરીમાંથી બરતરફી
(D) અધિનિયમમાં આ બાબતે જોગવાઈ નથી.

229. બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009ના કલમ 22ની જોગવાઈ પ્રમાણે શાળા વિકાસ આયોજન બનાવવાથી તે કયા પરિબળ માટેની ભૂમિકા પૂરી પાડે છે?

(A) માનવ સંસાધન અને ભૌતિક સુવિધા
(B) બજેટ અને પગાર
(C) આયોજન અને અનુદાન
(D) માળખાકીય સુવિધા

230. બાળકોની મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ 2009 હેઠળ 250 કરતા વધુ બાળકો ધરાવતી ધોરણ 1 થી 5 ની શાળા માટે. શિક્ષક-વિદ્યાર્થીઓનો ગુણોત્તર કેટલો નિર્ધારીત કરવામાં આવેલ છે?

(A) 1:35
(B) 1:30
(C) 1:25
(D) 1:40

**231.** વર્ષ 2012ના સુધારા અનુસાર બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર કાયદો 2009 કઈ સંસ્થાઓને લાગુ પડતો નથી?

i) મદ્રેસાઓ
ii) સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ
iii) વૈદિક પાઠશાળાઓ
iv) ભાષાકીય લઘુમતી શાળાઓ

(A) માત્ર i
(B) માત્ર ii
(C) i અને iii
(D) i, iii અને iv

**232.** બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર કાયદા સંદર્ભે કઈ બાબત/બાબતો સાચી નથી?

i) આ કાયદામાં શિક્ષકોની ફરિયાદ નિવારણ અર્થે કોઈ જોગવાઇ કરાયેલ નથી.
ii) બાળકના જ્ઞાનની સમજ તથા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન વિષે કાયદામાં સ્પષ્ટ જોગવાઇ કરાયેલ છે.
iii) શાળાની માન્યતા રદ થતાં આવી અમાન્ય શાળામાં ભણતા બાળકો માટે કોઈ વ્યવસ્થા કરાયેલ નથી.
iv) બાળકને માનસિક કનડગત કરવા પર પ્રતિબંધ છે.

(A) i અને iii
(B) ii અને iii
(C) ii અને iv
(D) i અને iv

**233.** બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ 2009 અંતર્ગત કલમ 35(3) ની જોગવાઇ આધિન સ્થાનિક સત્તા મંડળ દ્વારા કઈ સમિતિને માર્ગદર્શન અને નિર્દેશ આપીને એક્ટનું અમલ કરવા જણાવી શકે છે?

(A) બાંધકામ સમિતિ
(B) ગ્રામ શિક્ષણ સમિતિ
(C) જિલ્લા શિક્ષણ સમિતિ
(D) શાળા વ્યવસ્થાપન સમિતિ

**234.** સપ્ટેમ્બર 2018માં ગુજરાત વિધાનસભા દ્વારા શિક્ષણને લગતી કઈ બાબત માટે રજૂ થયેલ બીલ (ખરડો) પસાર કરવામાં આવેલ?

(A) ખાનગી શાળા ફી નિયમન અંગે
(B) પ્રાથમિક શિક્ષણ અધિનિયમમાં સુધારા કરી પ્રાથમિક શિક્ષકોની સેવાવિષયક તથા શિસ્તવિષયક બાબતો અદ્યતન કરવા બાબત
(C) માન્યતા વગર ચાલતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોને વધુ કડક શિક્ષા કરવા બાબત
(D) બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ હેઠળ 2012માં રચાયેલા નિયમોમાં ફેરફાર કરી શાળા વ્યવસ્થાપન સમિતિનું કાર્યક્ષેત્ર સિમિત કરવા બાબત.

**235.** કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા સંચાલન ન થતી હોય અથવા કેન્દ્ર કે રાજ્ય સરકારની માલિકીની ન હોય તેવી માધ્યમિક શાળાને કયા નામાભિધાનથી ઓળખવામાં આવે છે?

(A) નોંધાયેલી માધ્યમિક શાળા
(B) અનુદાનિત માધ્યમિક શાળા
(C) સ્વનિર્ભર માધ્યમિક શાળા
(D) ખાનગી માધ્યમિક શાળા

236. ગુજરાત વિધાન સભા પોતાના ચૂંટાયેલા સભ્યોમાંથી કેટલા સભ્યો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં વર્ગ-ખ ના સભ્ય તરીકે નિમી શકે છે?
(A) 4
(B) 5
(C) 7
(D) 11

237. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 અનુસાર "રજીસ્ટર" એટલે શું?
(A) દરેક શાળામાં નિભાવવામાં આવતા હાજરી પત્રકો
(B) જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નિભાવવામાં આવતું ગ્રાન્ટ ફાળવણી રજીસ્ટર
(C) બોર્ડ દ્વારા નિભાવવામાં આવતું શાળાઓની નોંધણીનું રજીસ્ટર
(D) દરેક શાળાએ નિભાવવાનું વિદ્યાર્થીઓનું જનરલ રજીસ્ટર (G.R.)

238. ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 અંતર્ગત રજીસ્ટર થયેલી કોઈ વિદ્યમાન શાળાના સંચાલકોને બંધ કરવા ધારેલી શાળા ચાલુ રહે તે માટે ઉત્તેજન આપવાની અથવા નવું સંચાલક મંડળ રચવા માટે પ્રોત્સાહન આપવા કોની સત્તા અને ફરજો છે?
(A) અધ્યક્ષની
(B) કારોબારીની
(C) સચિવની
(D) બોર્ડની

239. GSHSEB Act 1972 ની કલમ 30ની જોગવાઈ હેઠળ બોર્ડે ઓડિટ માટે આવક અને ખર્ચના વાર્ષિક હિસાબો કોને મોકલવાના રહે છે?
(A) બોર્ડના અધ્યક્ષ
(B) કમિશ્નર/નિયામક શાળાઓ
(C) CAG
(D) રાજ્ય સરકાર

240. રજીસ્ટર થયેલી શાળાઓનો વહીવટ વધુમાં વધુ કેટલી મુદત સુધી રાજ્ય સરકાર પોતાના હસ્તક લઈ શકે છે?
(A) 2 વર્ષ
(B) 3 વર્ષ
(C) 5 વર્ષ
(D) 4 વર્ષ

241. GSHSEB Act ની જોગવાઈ અનુસાર કોઈ નોંધાયેલી ખાનગી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફમાંથી કેટલી જગાઓ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓમાંથી ભરવાની રહે છે?
(A) 22%
(B) 15%
(C) 10%
(D) 27%

242. નોંધાયેલી માધ્યમિક શાળાના કોઈ સંચાલકે શૈક્ષણિક વર્ષ દરમ્યાન કોઈપણ સમયે શાળા બંધ કરવાનું ધાર્યું હોય તો તેના કેટલા સમય અગાઉ બોર્ડને લેખિત નોટીસ આપવાની રહે છે?
(A) 6 મહિના
(B) 1 વર્ષ
(C) 3 મહિના
(D) 2 વર્ષ

**243.** કોઈ એક મુદ્દા પર જુદા-જુદા લેખકોના દ્વારા લખવામાં આવેલા ઊંડાણપૂર્વકના લેખો અને કોઈ એક વ્યક્તિ સંસ્થા, ઘટના અથવા સ્થળ વિશે ઊંડાણપૂર્વક લખવામાં આવેલા લેખોનાં સંગ્રહને શું કહેવામાં આવે છે?

(A) લલિત નિબંધ (B) વિનિબંધ
(C) મહાનિબંધ (D) ડેઝર્ટેશન

**244.** GSHSEB ને લાગે વળગે ત્યા સુધી પ્રથમ વખત વિનિયમો રચવાની સત્તા કોને પહોંચે છે?

(A) બોર્ડના અધ્યક્ષ (B) રાજ્ય સરકાર
(C) બોર્ડની સામાન્ય સભા (D) બોર્ડની કારોબારી સમિતિ

**245.** પ્રવર્તમાન પરંપરા અનુસાર પરીક્ષકે મૂલ્યાંકન કરેલ ઉત્તરવહીની સમીક્ષા કરતી વખતે સમીક્ષક કયા રંગની શાહીનો ઉપયોગ કરે છે.

(A) લાલ (B) કાળી
(C) લીલી (D) જાંબલી

**246.** GSHSEB ને લાગે વળગે ત્યાં સુધી અધ્યક્ષ કયા વર્ગના કર્મચારીઓના નિમણૂંક અધિકારી ગણાય છે?

(A) વર્ગ 1 (B) વર્ગ 2
(C) વર્ગ 3 (D) રોજમદાર

**247.** ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974ની જોગવાઈ પ્રમાણે પરીક્ષાકાર્યના હેતુ માટે સુપરવાઈઝરો અને સંચાલકોની યાદી મંજૂર કરવા અને અન્ય જરૂરી સ્ટાફ નિમવાની સત્તા કોને છે?

(A) અધ્યક્ષ (B) સચિવ
(C) કારોબારી સમિતિ (D) પરીક્ષા સમિતિ

**248.** કોઈ એક વ્યક્તિ GSHSEB ની વધુમાં વધુ કેટલી અભ્યાસ સમિતિઓનો સભ્ય બની શકે?

(A) 7 (B) 5
(C) 4 (D) 3

**249.** શાળાના સ્થળ ફેરફાર માટે વાલી મંડળના ઓછામાં ઓછા કેટલા ટકા સભ્યોની લેખિત સંમતિ સંચાલકે રજૂ કરવાની રહે છે?

(A) 66% (B) 75%
(C) 33% (D) 50%

250. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974 અનુસાર ઉત્તર બુનિયાદી શાળામાં ધોરણ 8 થી 10માં વધુમાં વધુ પ્રવેશ સંખ્યા કેટલી હોવી જોઈએ?

(A) 250 (B) 350
(C) 400 (D) 120

251. નોંધાયેલ માધ્યમિક શાળાનો ચાલુ વર્ગ બંધ કરવા માગતા હોય તો સંચાલકે શૈક્ષણિક વર્ષ શરૂ થયાના કેટલા સમયમાં દરખાસ્ત કરવાની રહે છે?

(A) 4 માસ (B) 6 માસ
(C) 1 માસ (D) 3 માસ

252. કોઈ સ્વનિર્ભર સંસ્થાની માધ્યમિક શાળાની નોંધણીની અરજી બોર્ડ દ્વારા નામંજૂર કરવામાં આવે તો સંસ્થા પાસે સૌ પ્રથમ કયો ઈલાજ ઉપલબ્ધ હશે?

(A) 1 માસની અંદર સરકારશ્રીને (શિક્ષણ વિભાગ) અપીલ કરવી.
(B) 1 માસની અંદર કમિશ્નરશ્રીને અપીલ કરવી.
(C) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ પિટીશન કરવી.
(D) કલમ 39 હેઠળ રચાયેલ શિક્ષણ ટ્રીબ્યુનલમાં અપીલ કરવી.

253. GSHSEB વિનિયમો 1974ની જોગવાઈ અનુસાર પ્રથમ નિમણૂંક પામતા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની તબીબી તપાસ કેટલા સમયમાં કરવાની હોય છે?

(A) ત્રણ માસ (B) છ માસ
(C) બે માસ (D) એક માસ

254. પ્રાથમિક શિક્ષકોની નિમણૂંક શિક્ષક અભિયોગ્યતા કસોટી પાસ કરેલ ઉમેદવારોમાંથી જ કરવામાં આવે છે. આવી કસોટી લેવાનું નીચે પૈકી કયા કાયદા/નિયમ/વિનિયમમાં દર્શાવેલ છે?

(A) RTE Rules 2012 (ગુજરાત સરકાર)
(B) RTE અધિનિયમ 2009, કલમ
(C) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1949
(D) RTE Rules 2010, ભારત સરકાર

255. અવારનવાર સૂચનાઓ આપવા છતાં શૈક્ષણિક કર્મચારી સોંપેલી ફરજ હોવા છતાં અદ્યતન માહિતી મેળવવાના અને તેનો ઉપયોગ કરવામાં નિષ્ફળ રહે તો કયા કારણસર શિસ્ત અને વર્તણૂંક અને નિયમનો ભંગ કરેલ છે?

(A) ગેરવર્તણૂંક (B) બિનકાર્યક્ષમતા
(C) નિષ્ઠાનો અભાવ (D) અણછાજતુ વર્તન

256. મૂક, MOOC શું છે?
(A) સાહિત્ય ચોરી (Plagiarism) ને અટકાવવા માટેનો કોમ્પ્યુટર પ્રોગ્રામ
(B) ઓનલાઈન પુસ્તકાલય
(C) નિઃશુલ્ક ઓનલાઈન અભ્યાસક્રમ
(D) પ્રચાર માટેનું દૃશ્ય શ્રાવ્ય માધ્યમ

257. 1986 ની શિક્ષણનીતિમાં વિશિષ્ઠ પ્રતિભા અને અભિયોગ્યતા ધરાવતા બાળકોને પોતાની ક્ષમતા વિકસાવવા ગુણવત્તા યુક્ત શિક્ષણ વિના મુલ્યે પ્રાપ્ત થઈ શકે તે આશયથી ક્યા પ્રકારની શાળાઓ સ્થાપવાનું સૂચવાયેલ છે?
(A) આશ્રમ શાળાઓ
(B) એકલવ્ય નિવાસી શાળાઓ
(C) નવોદય વિદ્યાલયો
(D) આદર્શ નિવાસી શાળાઓ

258. 1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ કોની ભલામણ મેળવ્યા બાદ તેના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓના નિવારણ હેતુ 1990 માં રચાયેલ સમિતિના અધ્યક્ષ કોણ હતા?
(A) આચાર્ય રામમૂર્તિ
(B) ડો. સી.એન.રાવ
(C) ડો. ભાસ્કરરાય
(D) પ્રો. ઉષા મહેતા

259. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં 1992 માં સૂચવાયેલ ફેરફાર અનુસાર શિક્ષણની પુનઃરચના અને શિક્ષક માટે ક્યા પરિબળને સૌથી વધુ મહત્વ આપવામાં આવ્યું?
(A) વ્યવસ્થાપનમાં ભાગીદારી
(B) સેવાકાલીન તાલીમ
(C) નેતૃત્વની ભૂમિકા
(D) વિદ્યાર્થી સાથેના સંબંધો

260. સાક્ષરતા અભિયાન મારફતે જેઓએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું છે. તેવા નવસાક્ષરોના હિત માટે 1986 ની રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં કઈ બાબતનો સમાવેશ થયેલ છે?
(i) નવસાક્ષરોને રોજગારી પૂરી પાડવી.
(ii) કામદારોને નોકરીદાતાઓ, યુનિયનો અને સરકાર દ્વારા શિક્ષણ પુરૂં પાડવું.
(iii) નિરંતર શિક્ષણ કેન્દ્રોની સ્થાપના કરવી.
(A) i અને ii
(B) ii અને iii
(C) માત્ર iii
(D) i, ii અને iii તમામ

261. ઈંગ્લેન્ડમાં રોબીન્સ સમિતિની વિચારણાના ફલ સ્વરૂપે યુનિવર્સિટી ઓફ એર અસ્તિત્વમાં આવી. આ યુનિવર્સિટીમાં ક્યા માધ્યમથી શિક્ષણ અપાતું હતું?
(A) પત્રવ્યવહાર
(B) હેમરેડિયો
(C) રેડિયો
(D) ટેલિવિઝન

262. ભારતની સૌ પ્રથમ પત્રાચાર દ્વારા અભ્યાસક્રમો (દૂરવર્તી શિક્ષણ) ની શરૂઆત કઈ યુનિવર્સિટીએ કરી?
(A) દિલ્હી યુનિવર્સિટી
(B) આંધ્રપ્રદેશ ઓપન યુનિવર્સિટી
(C) બી.આર.આંબેડકર યુનિવર્સિટી
(D) ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી

263. ''નવીનીકરણ એક નવીન અને વિશેષ પ્રકારનું પરિવર્તન છે જે સમજી-બુઝીને કરવામાં આવ્યું હોય છે. આ પરિવર્તન ઉદ્દેશ્ય પ્રાપ્તિની દ્રષ્ટિએ અન્ય વિધિઓથી વધુ પ્રભાવશાળી અસરકારક સમજવામાં આવે છે'' નવીનીકરણની આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવેલ છે?

(A) Rogers E.M.
(B) Barmette H.G.
(C) Bhola H.S.
(D) Mailex M.B.

264. પર્યાવરણ શિક્ષણ, સ્વાસ્થય શિક્ષણ, નિરંતર શિક્ષણ, મૂલ્ય શિક્ષણ અને ઉદ્યોગ સાહસિકતા નૂતન પ્રવાહો શેના આધારિત છે?

(A) પ્રત્યાયન આધારિત
(B) જ્ઞાન આધારિત
(C) વ્યવસ્થાપન આધારિત
(D) વ્યવસ્થાપન અને મૂલ્યાંકન આધારિત

265. ''ઈચ્છા અને સંકલ્પોનો ત્યાગ એજ યોગ'' આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવેલ છે''

(A) મહર્ષિ વેદ વ્યાસ
(B) સ્વામી શિવાનંદજી
(C) દત્તાત્રેય
(D) ડો. એની બેસન્ટ

266. ભારતનું ભાવિ તેની શાળાઓના વર્ગખંડોમાં આકાર લઈ રહ્યું છે. આ વાક્યથી કેળવણીને રાષ્ટ્રના વિકાસના મહત્વના બળ તરીકે કોણે સ્થાન આપ્યું છે?

(A) એ.પી.જે. અબ્દુલ કલામે
(B) ડો. રાધાકૃષ્ણનને
(C) વર્ધા શિક્ષણ સમિતિના અહેવાલે
(D) કોઠારી શિક્ષણ પંચે

267. શિક્ષણમાં એકસૂત્રતા જાળવવા ધોરણઃ- 9માં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી (પ્રથમ ભાષા) ના NCERT ના પુસ્તકો ક્યા વર્ષથી અમલમાં આવ્યા?

(A) 2015-16
(B) 2016-17
(C) 2017-18
(D) 2018-19

268. ''ટોટલ ક્વોલીટી મેનેજમેન્ટ ઈન એજ્યુકેશન'' નામના પુસ્તકના લેખક કોણ છે?

(A) મર્મર મુખોપાધ્યાય
(B) રવિન્દ્ર દવે
(C) ડેમીંગ
(D) બ્લૂમ

269. પ્રવર્તમાન વિષય માળખા મુજબ ધોરણઃ- 10 માં સિંધી માધ્યમના ઉમેદવારે સિંધી પ્રથમ ભાષા ઉપરાંત બીજી કઈ ભાષા રાખવી ફરજીયાત છે?

(i) ગુજરાતી પ્રથમ ભાષા
(ii) ગુજરાતી દ્વિતીય ભાષા
(iii) હિન્દી દ્વિતીય ભાષા
(iv) અંગ્રેજી દ્વિતીય ભાષા

(A) i
(B) ii અને iii
(C) ii અને iv
(D) i અને iv

270. નીચે પૈકીની કઈ બાબતોનો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ/વિનિયમોની જોગવાઈ અનુસાર ગુપ્ત દસ્તાવેજમાં સમાવેશ થાય છે?
(i) ઉમેદવારને પ્રશ્નપત્ર અપાયાના અડધા કલાક સુધી પ્રશ્નપત્ર અને તેનું ભાષાંતર
(ii) પરીક્ષાના પરિણામના 2 માસ સુધી ઉમેદવારની ઉત્તરવહી
(iii) ઉમેદવારની પરીક્ષા ખંડમાંની હાજરીનું 01 પત્રક
(iv) પરિણામ પુસ્તિકા (પરિણામની તારીખ સુધી)
(v) પ્રાયોગિક કાર્યની પ્રયોગપોથી (પરિણામની તારીખ સુધી)
(A) i, iii અને v
(B) i, ii અને iv
(C) i, ii અને v
(D) i, ii અને iii

271. વેદકાલીન શિક્ષણ પ્રણાલીમાં ત્રણ મુખ્ય સોપાનો શ્રવણ, મનન (ચિંતન) અને નિદિધ્યાસનનો ઉલ્લેખ ક્યા ઉપનિષદમાં જોવા મળે છે?
(A) છંદોગ્ય
(B) મુંડકોપનિષદ
(C) બૃહદારણ્યક
(D) ઈશાવાસ્ય

272. ''શિક્ષણનો અપવ્યય શાળામાંથી અધવચ્ચે ઉઠી જવામાં રહેલો છે. તે માનવશક્તિ અને નાણાંકીય સાધનોની ખોટમાં પરિણમે છે. વધુમાં તે સાર્વત્રિક શિક્ષણની બંધારણીય જોગવાઈઓનું પણ ઉલ્લંઘન કરે છે.'' આ વ્યાખ્યા ક્યા શિક્ષણવિદ દ્વારા આપવામાં આવેલ છે?
(A) એ. એન. બસુ
(B) શ્રીમતી હંસા મહેતા
(C) એસ. એમ. પાન્ડા
(D) એસ. એમ. એસ. ધરી

273. ''કોઈપણ વિદ્યાર્થીનું પોતાની અસંતોષકારક પ્રગતિને કારણે એક જ ધોરણમાં એકથી વધારે વર્ષ રોકાઈ જવું તેને સ્થગિતતા કહેવામાં આવે છે'' આ વ્યાખ્યા ક્યા શિક્ષણવિદ દ્વારા આપવામાં આવેલ છે?
(A) સ્ટેનલી
(B) એબટવુડ
(C) હંટર
(D) હાર્ટીંગ

274. શ્રેષ્ઠ વિકલ્પની પસંદગી એ ક્યા કૌશલ્યનું ઘટક છે?
(A) પ્રત્યાયન કૌશલ્ય
(B) માનવ સંસાધન સંચાલન કૌશલ્ય
(C) નિર્ણયન કૌશલ્ય
(D) આયોજન કૌશલ્ય

275. શાળા વ્યવસ્થાપનમાં સંચાલનની પ્રક્રીયામાં પાંચ તત્વો મહત્વનો ભાગ ભજવે છે, જો ચાર તત્વો આયોજન, સંગઠન, સંકલન અને મૂલ્યાંકન હોય તો બાકીનું તત્વ કયું?
(A) નવીનીકરણ
(B) સર્જનાત્મકતા
(C) માર્ગદર્શન
(D) અભિપ્રેરણા

**276.** કોઈપણ દિવસ શાળામાં ન ગયેલ હોય તેવો ઉમેદવાર ધોરણ :- 10 ની બોર્ડની પરીક્ષા ખાનગી ઉમેદવાર તરીકે આપવા માંગે તો તે ઓછામાં ઓછી કેટલી વય ધરાવતો હોવો જોઈએ?

(A) 17 (B) 16
(C) 15 (D) 21

**277.** શબ્દકોષ મુજબ 'વાસરિકા' શબ્દનો અર્થ ડાયરી અથવા નોંધપોથી થાય છે. શાળા વ્યવસ્થાપનમાં આ શબ્દ શાની સાથે જોડાયેલ છે?

(A) શિક્ષકની ડાયરી લોગબુક (B) સંગ્રહિત માહિતી પત્રક
(C) શાળા-કેલેન્ડર (D) શિક્ષકની સેવાપોથી

**278.** વિકસતી જાતિઓના કલ્યાણ યોજના હેઠળ ક્યા ધોરણમાં ભણતા બાળકોને ગણવેશ અને પુસ્તકો મફત પૂરા પાડવામાં આવે છે?

(A) ધોરણઃ- 1 થી 5 (B) બાલવાડી
(C) ધોરણઃ- 1 થી 8 (D) ધોરણઃ- 9 થી 12

**279.** વિકસતી જાતિના ઉમેદવારોને પાયલોટની તાલીમ માટે 20,00,000 રૂ. ની લોન આપવામાં આવે છે. આ લોન લેવા માટે વાલીની આવક મર્યાદા કેટલી હોવી જોઈએ?

(A) રૂ. 1,20,000/- (B) રૂ. 1,50,000/-
(C) રૂ. 4,00,000/- (D) કોઈ આવક મર્યાદા નથી.

**280.** ગ્રામ્ય વિસ્તાર ના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થી માટે આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટે વાલીની વાર્ષિક આવક મર્યાદા કેટલી નિર્ધારીત કરવામાં આવી છે?

(A) 2 લાખ (B) 6 લાખ
(C) 1.5 લાખ (D) 1.2 લાખ

**281.** પછાત વર્ગના સભ્યોને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ અને ટેકનિકલ શિક્ષણ મેળવવા માટે લોન આપવાની યોજના છે. આ યોજનામાં વ્યાજનો દર વિદ્યાર્થીનીઓ માટે વાર્ષિક દરે કેટલો નિર્ધારીત કરવામાં આવેલ છે?

(A) 4% (B) 3.5%
(C) 3.0% (D) 4.5%

**282.** આદર્શ નિવાસી શાળા તરીકે ઓળખાતી શાળાઓ સરકારના ક્યા ક્યા વિભાગોના નિયંત્રણ હેઠળ ચલાવવામાં આવે છે?

P - સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

Q - શિક્ષણ વિભાગ

R - પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

S - આદિજાતિ વિકાસ વિભાગ

T - વન અને પર્યાવરણ વિભાગ

(A) P અને S
(B) P, Q અને R
(C) P, S અને T
(D) માત્ર P

**283.** ટ્રાયબલ ડેવલપમેન્ટ વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં ક્યા ધોરણથી ક્યા ધોરણ સુધી શિક્ષણ આપવામાં આવે છે?

(A) ધોરણ 1 થી 8
(B) ધોરણ 9 થી 12
(C) ધોરણ 10 થી 12
(D) ધોરણ 1 થી 12

**284.** ‘‘જો આપણું હૃદય નિર્મળ ન કરો તો વેદોનું સંસ્કૃત કે ગ્રીક અને લેટિન ભાષાનું શિક્ષણ કશાય કામનું નથી. જ્ઞાન માત્રનો હેતુ માનવીનું ચારિત્ર્ય ઘડવાનો જ હોઈ શકે ‘‘શિક્ષણ અને ચારિત્ર્ય અંગે ઉપરોક્ત વિધાન કોણે કરેલ છે?

(A) સ્વામી વિવેકાનંદ
(B) ડૉ. રાધાકૃષ્ણન
(C) અરવિંદ ઘોષ
(D) ગાંધીજી

**285.** ભારતના બંધારણના ક્યા અનુચ્છેદ અનુસાર રાજ્ય પછાત વર્ગો અને તેમાંથી ખાસ કરીને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષની વિશેષ કાળજી લઈને પ્રોત્સાહન આપવા તથા તેમનું સામાજીક અન્યાય અને તમામ પ્રકારના શોષણો સામે રક્ષણ કરશે?

(A) અનુચ્છેદ 42
(B) અનુચ્છેદ 368
(C) અનુચ્છેદ 46
(D) અનુચ્છેદ 45

**286.** કઈ યોજના હેઠળ વિચરતી અને વિમુક્ત જાતિના 50 જેટલા મેધાવી વિદ્યાર્થીઓને પસંદ કરી તેમને ઉત્તમ કક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવીને આત્મવિશ્વાસથી ઉભા રહી શકે તે રીતની સહાય આપવામાં આવે છે?

(A) સરસ્વતી સાધના
(B) ટેલેન્ટ પુલ નિર્માણ યોજના
(C) દીનદયાળ ઉપાધ્યાય અંતયોદય યોજના
(D) વિદ્યા સાધના યોજના

**287.** અજમેર, ભોપાલ, ભુવનેશ્વર અને મૈસુરમાં કાર્યરત શિક્ષણની પ્રાદેશિક મહાવિદ્યાલયો (Regional college of Education) કઈ સંસ્થાના ઘટક તરીકે કામ કરે છે?

(A) UGC
(B) CABE
(C) CBSE
(D) NCERT

**288.** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તકમંડળ દ્વારા નીચે પૈકીના ક્યા પ્રકાશનો પ્રકાશિત કરવામાં આવે છે?

(i) ધોરણ 1 થી 8 ના પાઠ્યપુસ્તક
(ii) ધોરણ 9 થી 12 ના પાઠ્યપુસ્તક
(iii) બી.એડ.ના પાઠ્યપુસ્તક
(iv) બાલસૃષ્ટી સામાયિક
(v) જીવન શિક્ષણ સામાયિક

(A) (i), (ii) અને (iv)
(B) (i), (ii) અને (iii)
(C) (i), (ii), (iii) અને (v)
(D) (i), (ii) અને (v)

**289.** NCERT દ્વારા કઈ ભાષાઓમાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે છે?

(i) અંગ્રેજી
(ii) ગુજરાતી
(iii) હિન્દી
(iv) ઉર્દૂ
(v) મરાઠી

(A) માત્ર (i)
(B) (i) અને (iii)
(C) (i), (iii) અને (iv)
(D) (i), (ii), (iii), (iv), (v) તમામ

**290.** એકવાર ધોરણઃ- 10 જાહેર પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીને ફરીથી જુન માસમાં ધોરણ - 10 માં પ્રવેશ આપવા સારૂં વિનિયમોમાં શું જોગવાઈ છે?

(A) આવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી ન શકાય
(B) હેડમાસ્તર પોતાની શાળામાં વધુમાં વધુ 10 વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે.
(C) હેડમાસ્તર ધોરણ-10 ના પ્રત્યેક વર્ગમાં વધુમાં વધુ 10 વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની પરવાનગી લઈને પ્રવેશ આપી શકે.
(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવની પરવાનગી મેળવી વર્ગદીઠ વધુમાં વધુ 6 વિદ્યાર્થીઓને આચાર્ય પ્રવેશ આપી શકે.

**291.** ભારતમાં શિક્ષણ અંગે નીતિ નક્કી કરવા રચાયેલા વિવિધ કમિશનો / પંચોને તેમના કાર્યકાળ અનુસાર ક્રમબધ્ધ કરો.

P - વૂડનો ખરિતો
Q - ડેલોર્સ કમિશન
R - હંટર કમિશન
S - કોઠારી શિક્ષણ પંચ

(A) R - Q - P - S
(B) P - R - S - Q
(C) R - P - S - Q
(D) P - R - Q - S

**292.** રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા લેવામાં આવતી 'નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ યોજના' હેઠળ વિદ્યાર્થીના બેન્ક ખાતામાં વાર્ષિક કેટલા રૂપિયા શિષ્યવૃત્તિની રકમ તરીકે જમા કરાવવામાં આવે છે?

(A) રૂ. 8000/-
(B) રૂ. 6000/-
(C) રૂ. 10000/-
(D) રૂ. 5000/-

**293.** ફ્રાંસના ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન જેકસ ડેલોર્સની આગેવાની હેઠળ રચાયેલ આંતરરાષ્ટ્રીય આયોગમાં ભારતનું પ્રતિનિધિત્વ કોણે કરેલ હતું?

(A) ડૉ. મનમોહન સિંહ
(B) કરણસિંહ
(C) ડૉ. મોન્ટેક સિંહ
(D) રવિન્દ્ર દવે

**294.** ગુજરાતની ચિલ્ડ્રન યુનિવર્સિટી ના પ્રવર્તમાન કુલપતિ કોણ છે?

(A) શ્રી. કે. એસ. લિખીયા
(B) શ્રી. ઓ. પી. કોહલી
(C) શ્રી. રઘુવીર ચૌધરી
(D) શ્રી. ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

**295.** નીચે આપેલા વિકલ્પો પૈકી દૂરવર્તી શિક્ષણ અને પર્યાવરણ શિક્ષણનું સંચાલન અને માર્ગદર્શન કઈ સંસ્થા દ્વારા આપવામાં આવે છે?

(A) GIET
(B) BISAG
(C) SSA
(D) GCERT

**296.** ફરજીયાત પ્રાથમિક શિક્ષણનો પ્રબંધ કરવા માટે યોજના તૈયાર કરવાની ફરજ જિલ્લા સ્કૂલ બોર્ડના વહીવટી અધિકારીની રહેશે. આ અંગે કયા સત્તાધીશ તરફથી નિર્દેશ આપવામાં આવે છે?

(A) નિયામક
(B) સચિવ, શિક્ષણ વિભાગ
(C) જિલ્લાવિકાસ અધિકારી
(D) કમિશ્નર

**297.** વૈદિક શિક્ષણ પ્રણાલી અંતર્ગત માત્ર એક શિક્ષક ધરાવતી શિક્ષણ સંસ્થા માટે કયો શબ્દ પ્રયોજવામાં આવતો?

(A) શાખા
(B) ચરણ
(C) ટોલ
(D) ગોત્ર

**298.** મધ્યકાલીન (મુસ્લિમકાલીન) શિક્ષણ કઈ વ્યવસ્થાની નીચે પૈકીની કઈ બાબત વિદ્યાર્થીના ઘડતર પર સૌથી વધુ વિપરીત અસર કરે છે?

(A) વાંચન અને લેખન જુદા-જુદા શિખવવામાં આવતા હતા.
(B) શિક્ષણ સંસ્થાઓની સ્થાપના માત્ર મોટા નગરોમાં જ કરવામાં આવતી.
(C) પ્રાંતીય ભાષાઓની ઉપેક્ષા કરવામાં આવતી.
(D) કક્ષાનાયકની પ્રણાલી પ્રચલિત હતી.

**299.** સર્વેશિક્ષા અભિયાન (SSA) નો મૂળ ઉદ્દેશ શું ગણી શકાય?

(A) પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ

(B) પ્રાથમિક શિક્ષકોનો ક્ષમતા વિકાસ (Capacity Building)

(C) માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા

(D) સ્થગિતતામાં વ્યાપક ઘટાડો કરવો

**300.** કયા સક્ષમ સત્તાધીશની પૂર્વમંજૂરી લઈને જિલ્લા સ્કૂલ બોર્ડ તેને પૂરતી લાગે તેવી નાણાની રકમ અથવા બીજા વળતર માટે તેણે માંડેલા અથવા તેની સામે માંડેલા દાવાના સંબંધમાં અથવા તેણે કરેલા કોઈ કરારમાંથી ઉપસ્થિત થતા કોઈ દાવા અથવા માંગણીના સંબંધમાં સમાધાન કરી શકશે?

(A) નિયામક

(B) જિલ્લા વિકાસ અધિકારી

(C) રાજ્ય સરકાર

(D) રજીસ્ટ્રાર, સહકારી મંડળી